# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 14-08-2026 I VOL : 12 I Issue : 150 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



**સુવિચાર**

જીતવાની શરૂઆત મનથી થાય છે. તમારા વિચારો તમારું ભવિષ્ય બનાવે છે.


3  વડનગરની ગલીઓમાં 'હેરિટેજ ઓટો'નો અનોખો જાદુ: મંત્રી હર્ષ સંઘવીએ માણી....

4  ઇટાલીમાં મેલોની સરકાર સામે યુવાનોનો આક્રોશ

6  સોશિયલ મીડિયા પર છવાયા રવિ કિશનના મીમ્સ, પત્નીએ રમૂજી અંદાજમાં...

7  કપિલ દેવની બરાબરી કરી મિચેલ સ્ટાર્કે રચ્યો ઇતિહાસ


## એક નજર...

### નેહા ધૂપિયા બોલ્ડ અવતાર સોશિયલ મીડિયામાં વાયરલ



નેહા ધૂપિયાએ સફેદ રંગનું બ્રેલેટ પહેર્યું છે અને તે ખુલ્લા વાળ સાથે ખૂબ જ હોટ પોઝ આપતી જોવા મળી રહી છે. અભિનેત્રીની આ તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે અને ચાહકો તેની હોટનેસના વખાણ કરતા થાકતા નથી.બોલિવૂડની જાણીતી અભિનેત્રી નેહા ધૂપિયા કોઈ અલગ ઓળખ પર નિર્ભર નથી. નેહાનું નામ તેની શાનદાર એક્ટિંગ માટે જાણીતું છે.

## NEWS TRACK

### ઈતિહાસનો પ્રથમ 'AI-સંચાલિત' સાયબર હુમલો! તાઇવાનની સરકારનો ડેટા ચોરાયો, ન્યુક્લિયર એજન્સી ટાર્ગેટ પર

તાઈવાન સરકારે જાહેરાત કરી છે કે ગત મહિને તેની સરકારી એજન્સીઓ પર દેશ બહારથી AI-આધારિત સાયબર હુમલા કરવામાં આવ્યા હતા. સુરક્ષા નિષ્ણાતો દ્વારા આ હુમલાને પોતાની જાતનો પ્રથમ અને અત્યંત જટિલ સાયબર બ્રીચ ગણાવવામાં આવ્યો છે. હુમલાની શરૂઆત અને તપાસ તાઈવાનના મિનિસ્ટ્રી ઓફ ડિજિટલ અફેર્સના જણાવ્યા અનુસાર, મંત્રાલયના સાયબર સિક્યોરિટી મોનિટરિંગ યુનિટ્સે 20 જુલાઈથી સરકારી એજન્સીઓને ટાર્ગેટ કરતા આ 'અસાધારણ હુમલા'ને ડિટેક્ટ કર્યા હતા. આ ઘટના સામે આવ્યા બાદ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયબર સિક્યોરિટી દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરીને શ્રેણીબદ્ધ ચેતવણીઓ જાહેર કરવામાં આવી હતી. ઈઝરાયેલી સિક્યોરિટી ફર્મ 'ડ્રીમ'નો ચોંકાવનારો ખુલાસો આ સાયબર ઘૂસણખોરીને પકડનાર ઈઝરાયેલી AI સિક્યોરિટી કંપની 'ડ્રીમ' એ જણાવ્યું હતું કે: હુમલાખોરોએ ઓપન-સોર્સ AI એજન્ટ્સનો ઉપયોગ કરીને એક સ્વાયત્ત હેકિંગ ટૂલ તૈયાર કર્યું હતું.

### મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે ટ્રમ્પ સરકારનો મોટો નિર્ણય, અમેરિકન સૈનિકો 23 વર્ષ બાદ ઈરાક છોડશે

લગભગ 23 વર્ષ બાદ ઈરાકમાં અમેરિકી સૈન્યની હાજરી હવે સત્તાવાર રીતે પૂરી થવા જઈ રહી છે. ઈરાકના વડાપ્રધાન અલી અલ-ઝૈદીના કાર્યાલય દ્વારા આ અંગેની મોટી જાહેરાત કરવામાં આવી છે. આગામી 30 સપ્ટેમ્બર 2026 સુધીમાં તમામ અમેરિકી સૈનિકો ઈરાક છોડીને પરત ફરી જશે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) ના પ્રમુખ એડમિરલ બ્રાડ કૂપર સાથેની બેઠક બાદ આ મહત્ત્વપૂર્ણ નિર્ણયની પુષ્ટિ કરવામાં આવી છે. 23 વર્ષ જૂના સૈન્ય ઈતિહાસનો અંત. ઈરાકમાં અમેરિકી સૈન્યની હાજરીની શરૂઆત વર્ષ 2003માં થઈ હતી, જ્યારે અમેરિકાએ તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ સદ્દામ હુસેનના શાસનને હટાવવા માટે અભિયાન શરૂ કર્યું હતું. વર્ષ 2011માં સૈનિકો પાછા બોલાવાયા હતા, પરંતુ વર્ષ 2014માં ISIS ના જોખમને કારણે સૈનિકોની ફરીથી તહેનાતી કરાઈ હતી. હવે 30 સપ્ટેમ્બરના રોજ ઈરાકમાં અમેરિકી સેનાની 23 વર્ષ લાંબી હાજરીનો ઔપચારિક અંત આવશે. ISIS વિરુદ્ધના સૈન્ય મિશનને સમાપ્ત કરવા માટે 30 સપ્ટેમ્બરની તારીખ અંતિમ નક્કી કરાઈ છે.

### રાહુલ ગાંધીએ પીએમ મોદી અને આરએસએસ પર નિશાન સાધ્યું

# પીએમ મોદી રાત્રે ઊંઘી શકતા નથી: રાહુલ ગાંધી

## વિપક્ષ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને રાજીનામું ન આપે ત્યાં સુધી શાંતિથી બેસવા દેશે નહીં

**નવી દિલ્હી**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર પીએમ મોદી અને આરએસએસ પર પ્રહાર કર્યા છે. તેમણે સરકાર પર લોકોનો અવાજ દબાવવાનો આક્ષેપ કર્યો છે. તેમણે જીએસટી, નોટબંધી અને ચીન સાથેના સરહદ વિવાદ પર પણ સરકાર પર નિશાન સાધ્યું હતું. સરકાર એક સિસ્ટમ લાદવાનો પ્રયાસ કરી રહી છે રાહુલ ગાંધીએ દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે આયોજીત 'રચનાત્મક કોંગ્રેસ'ના રાષ્ટ્રીય સંમેલનને સંબોધન કર્યું હતું. તેમણે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ અને ઉત્તરાખંડની એક મહિલાનો ઉલ્લેખ કર્યો જે તેની પુત્રી માટે ન્યાયની



માંગ કરી રહી છે. રાહુલે કહ્યું કે જ્યારે સરકાર એક સિસ્ટમ લાદવાનો પ્રયાસ કરી રહી છે ત્યારે કોંગ્રેસની ભૂમિકા ભારતને તેનો અવાજ સાંભળવાની તક આપવાનો છે. વિરોધની પ્રક્રિયા અટકવાની નથી રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે દેશમાં રાષ્ટ્રીય ભાવના પણ છે. તેમજ કોંગ્રેસ અને સમગ્ર વિપક્ષ હવે ખુલ્લેઆમ પોતાના વિચારો રજૂ કરી રહ્યા છે. આ વિરોધની પ્રક્રિયા અટકવાની નથી. સરકાર અમુક લોકોના હિતને પોષવાનો પ્રયાસ કરે છે રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે સરકાર અને તેની રાજકીય વિચારધારા ભારત પર એવી વ્યવસ્થા લાદવાનો પ્રયાસ કરે છે જે સરકાર અને અમુક પસંદગીના લોકોના હિતોને પૂર્ણ કરે છે. નોટબંધી જેવી નીતિઓની અસર આ વેપારીઓ પર પડી.

### આરએસએસના લોકોમાં ભારતના દર્શન અને ઇતિહાસની સમજનો અભાવ

રાહુલ ગાંધીએ આરએસએસ પર નિશાન સાધતાં જણાવ્યું કે, આરએસએસ સાથે સંકળાયેલા લોકોમાં ભારતના દર્શન અને ઈતિહાસની સમજનો અભાવ છે. તેમણે દલીલ કરી હતી કે 3,000 વર્ષના ઈતિહાસને જાણવું એ ભારતને સમજવા માટે પૂરતું નથી. દેશને ખરેખર સમજવા માટે, વ્યક્તિએ તેને વર્તમાન ક્ષણમાં અને તેના વર્તમાન અભિવ્યક્તિ દ્વારા સમજવું જોઈએ. તેમણે કહ્યું કે પહેલા આરએસએસમાં નાના વેપારીઓ, મીઠાઈની દુકાનના માલિકો, સુવર્ણકારો, લુહારો અને વાણિયા સમુદાયના સભ્યોનો સમાવેશ થતો હતો. તેમણે આરોપ લગાવ્યો કે આ જ લોકોને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

## ઉત્તરાખંડના ચમોલીમાં ટનલમાં પાણી ભરાયું, 18 મજૂરો ફસાયા

**દહેરાદૂન**

ઉત્તરાખંડમાં ભારે વરસાદ વચ્ચે ચમોલીમાં એક ટનલમાં અચાનક પાણી ભરાઈ ગયું. ટનલમાં કામ કરી રહેલા 18 મજૂરો અંદર ફસાઈ ગયા. સાત મજૂરોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા છે. રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. બીજી તરફ, ઉત્તર પ્રદેશના બનારસમાં ઘાટોની સીડીઓ સુધી પાણી પહોંચી ગયું છે. હરિશ્ચંદ્ર ઘાટ પર શવદાહ સ્થળ ડૂબી ગયું છે. ઘાટની ઉપરની સીડીઓ પર ચિતાઓ સળગાવવામાં આવી રહી છે. લોકોને શવના અંતિમ સંસ્કાર માટે 2થી 3 કલાક સુધી રાહ જોવી પડી રહી છે. ઉન્નાવમાં રસ્તા પર હોડી ચલાવવી પડી. બંગાળની ખાડીમાં સિસ્ટમ બનવાને કારણે બુધવારે 20 રાજ્યોમાં સારો વરસાદ થયો. આગામી 4 દિવસ સુધી મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન સહિત 15 રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ છે.

## ગૃહમંત્રીના જવાબ વિના જ લોકસભા સ્થગિત

### સંસદના ચોમાસુ સત્રનો આજે અંતિમ દિવસ હતો, જ્યાં દિલ્હીમાં સત્તા પક્ષ અને વિપક્ષ બંનેએ પ્રદર્શન કર્યું

**નવી દિલ્હી**

સંસદના ચોમાસુ સત્રનો આજે આખરી દિવસ છે. સંસદ પરિસરમાં સત્તા પક્ષ અને વિપક્ષ બંનેનું પ્રદર્શન જોવા મળ્યું હતું. સમગ્ર સત્ર દરમિયાન વિપક્ષ અને સરકાર વચ્ચે ટકરાવની સ્થિતિ રહી હતી. નીટની ગોટાળો, દિલ્હીમાં પ્રદર્શનકારીઓ પર પોલીસના એક્શન અને રામ મંદિર ચંદા ચોરી જેવા મુદ્દાઓને લઈને લોકસભાની કાર્યવાહી વારંવાર અટકી હતી. ભારે હોબાળા વચ્ચે આખરે લોકસભાની કાર્યવાહી અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરી દેવામાં આવી છે. લોકસભામાં ગૂંજ્યું વંદે માતરમ્લો કસભામાં કાર્યવાહી પૂરી થતા પહેલાં આખું ગૃહ વંદે માતરમ્ ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી અમિત શાહ, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના તમામ સાંસદો ઊભા રહ્યા હતા. વંદે માતરમ્ બાદ લોકસભા સ્પીકર ઓમ બિરલાએ લોકસભાને અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરવાની જાહેરાત કરી દીધી હતી. સત્રના આખરી દિવસે પણ વિપક્ષી સાંસદોએ મકર દ્વારની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખડગેના અપમાન પર હોબાળો રાજ્યસભાની કાર્યવાહી દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હલદ્વાનીની રેલી બાદ રામલીલા મેદાનના શુદ્ધિકરણના મુદ્દે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેઓ પોતાના અનુસૂચિત જાતિના હોવાને મુદ્દો નથી બનાવતા, પરંતુ ભાષણ બાદ સ્ટેજનું શુદ્ધિકરણ કરીને તેમનું અપમાન કરવામાં આવ્યું છે. આ મુદ્દે ગૃહમાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. જ્યારે બીજી તરફ ગૃહ મંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું હતું કે સરકાર દરેક ચર્ચા માટે તૈયાર છે પરંતુ વિપક્ષ માત્ર હોબાળો કરવા માગે છે.

## પંજાબના પૂર્વ ડેપ્યુટી CM સુખબીર સિંહ બાદલ પર જીવલેણ હુમલો

**નાંદેડ**

મહારાષ્ટ્રના નાંદેડમાં શિરોમણી અકાલી દળ (SAD)ના અધ્યક્ષ અને પંજાબના પૂર્વ ડેપ્યુટી-CM સુખબીર સિંહ બાદલ પર ગુરુવારે હુમલો કરવામાં આવ્યો. પ્રાથમિક માહિતી અનુસાર, નાંદેડ ખાતે ગુરુદ્વારા માતા સાહિબ કૌરમાં એક નિહંગે તેમના પર કૃપાણથી હુમલો કર્યો. હુમલામાં બાદલના હાથ પર ઈજા થઈ છે. જ્યારે તેમની સુરક્ષામાં તહેનાત એક પોલીસકર્મી પણ ઘાયલ થયો છે. સુખબીર સિંહ બાદલને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બાદલ પર એક હુમલાખોરે ધારદાર હથિયારથી હુમલો કર્યો અને તેમના હાથમાં ઈજા થઈ છે. નાંદેડના માતા સાહિબ કૌર વિસ્તારના એક ગુરુદ્વારામાં એક નિહંગે તીક્ષ્ણ હથિયાર કૃપાણથી હુમલો કર્યો. આ દરમિયાન સુખબીર સિંહ બાદલના જમણા હાથમાં ઈજા થઈ અને તેમને એક ખાનગી યશોસાઈ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. આ મામલે પોલીસે એક વ્યક્તિની અટકાયત કરી છે. નાંદેડ પોલીસે આ માહિતી આપી છે.

## અરુણાચલ સરહદે ચીનની જોહુકમી, ભારતીય જવાનોનું પેટ્રોલિંગ અટકાવ્યું



અરુણાચલ પ્રદેશની પીપલ્સ પાર્ટી (પીપીએ)ની ફેક્ટ ફાઈન્ડિંગ કમિટી (એફએફસી)એ રિપોર્ટ આપ્યો છે કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના સૈનિકોએ ભારતીય લશ્કરને સુબનસિરી જિલ્લાના તાક્સિંગ વિસ્તારમાં પેટ્રોલિંગના મહત્ત્વના પોઈન્ટ સુધી જતા રોકી દીધા છે. જ્યારે ચીનના સૈનિક વાસ્તવિક અંકુશ રેખા પાસે પરંપરાગત ભારતીય ચરામણ એરિયા અને શિકારના વિસ્તારોમાં ધીમે-ધીમે પોતાનો કબ્જો વધારી રહ્યા છે.

## એર ઇન્ડિયાએ 'ગાંજા કાંડ' બાદ ગ્રૂપના તમામ પાયલટોના ફરજિયાત સ્ક્રિનિંગનો આદેશ

**નવી દિલ્હી**

એર ઈન્ડિયાએ 'ગાંજા કાંડ' બાદ પોતાના ગ્રૂપના તમામ પાયલોટોના ફરજિયાત સ્ક્રિનિંગનો આદેશ આપ્યો છે. નિયમો હેઠળ પ્રતિબંધિત પદાર્થો અને દવાઓની તપાસ કરવામાં આવશે. એર ઈન્ડિયાનો દાવો છે કે, ટ્રેનિંગ અને ઉડાન બાદ પાયલોટોની તપાસ થશે. ગુરુગ્રામ એકેડેમી, ફ્લાઈટ બ્રીફિંગ સેન્ટર અને બેઝ લોકેશન પર આ સ્ક્રિનિંગ હાથ ધરાશે. એર ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, DGCAના નિયમો યુરોપ અને અમેરિકાના ધોરણો સમાન છે. ઘટના બાદ AIની સ્પષ્ટતા એર ઈન્ડિયાનું કહેવું છે કે, તે પહેલેથી જ DGCAના તમામ નિયમોનું પાલન કરે છે, પરંતુ હવે કંપનીએ સુરક્ષા માટે નિયમોથી એક ડગલું આગળ વધીને તમામ પાયલોટોનું સ્ક્રિનિંગ કરાવવાનો નિર્ણય લીધો છે. કંપનીએ જણાવ્યું છે કે, આ પગલાનો હેતુ મુસાફરોની સુરક્ષા અને એર ઈન્ડિયા પર લોકોનો વિશ્વાસ જાળવી રાખવાનો છે. 4 ઑગસ્ટના રોજ દિલ્હી-ફુકેત ફ્લાઈટ નંબર AI2379માં ટર્બ્યુલન્સ(હવાનો તીવ્ર આંચકો) થયો હતો.

## પેકેજ્ડ ફૂડ પર વૉર્નિંગ લેબલ મુદ્દે સુપ્રીમે FSSAIની ઝાટકણી કાઢી

### નાગરિકોને ખાંડ, મીઠું અને ફેટનું પ્રમાણ જાણવાનો અધિકાર છે, કોર્ટે સરકારને 2 અઠવાડિયામાં નિર્ણય લેવા અંતિમ તક આપી

**નવી દિલ્હી**

દેશમાં પેકેજ્ડ ખાદ્ય પદાર્થોના પેકેટ પર સ્વાસ્થ્ય સંબંધિત ચેતવણી દર્શાવતા લેબલ લગાવવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ભારતીય ખાદ્ય સુરક્ષા અને FSSAIને કડક સંદેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે દેશના નાગરિકોને એ જાણવાનો પૂરો અધિકાર છે કે તેઓ શું ખાઈ રહ્યા છે અને તેમના ખોરાકમાં ખાંડ, મીઠું કે સેચ્યુરેટેડ ફેટ કેટલા પ્રમાણમાં છે. સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી કે આ બાબત માત્ર નિયમો પૂરતી સીમિત નથી, પરંતુ કરોડો લોકોના સ્વાસ્થ્ય અને વિશેષ કરીને બાળકોના ભવિષ્ય




સાથે જોડાયેલી છે. બેંચે કેન્દ્ર સરકારને છેલ્લી તક આપતાં બે અઠવાડિયાનો સમય આપ્યો છે અને ચેતવણી આપી છે કે જો કોઈ આખરી નિર્ણય લેવામાં નહીં આવે તો કોર્ટ પોતે જ આદેશ જારી કરશે. આ મામલો પેકેજ્ડ ફૂડના પેકેટની આગળના ભાગે ચેતવણી આપતું લેબલ લગાવવા સાથે જોડાયેલો છે. આ પ્રસ્તાવ મુજબ, જે ખાદ્ય પદાર્થોમાં ખાંડ, મીઠું કે ફેટ નક્કી કરેલી મર્યાદા કરતાં વધુ હોય, તેના પેકેટ પર સ્પષ્ટ ચેતવણી લખવી પડશે જેથી ગ્રાહકો ખરીદતા પહેલાં પૂરી માહિતી મેળવી શકે. અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે FSSAIની બેઠકમાં લેવાયેલા નિર્ણયો સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશો મુજબના નથી. જસ્ટિસ જે.બી. પારડીવાળા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે આ મામલાની સુનાવણી કરી હતી. અદાલતે સરકાર પક્ષના વકીલને પૂછ્યું કે, 'સ્પષ્ટ આદેશો હોવા છતાં અત્યાર સુધી નક્કર પગલાં કેમ લેવાયા નથી.' પીઠે આકરા શબ્દોમાં કહ્યું કે, 'એવું લાગે છે કે મોટી કોર્પોરેટ કંપનીઓનું સરકાર પર દબાણ છે અને સરકાર તેમની સામે ઝૂકી રહી છે, કોર્ટનો હેતુ કોઈ ઉદ્યોગ કે કંપનીને નુકસાન પહોંચાડવાનો નથી, પરંતુ જનહિત અને નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષા કરવાનો છે.'

## કંગના રણૌતે Gen-Z પર આપેલા નિવેદનથી પલટી મારી

**નવી દિલ્હી**

બોલિવૂડ અભિનેત્રી અને ભાજપના સાંસદ કંગના રણૌતે 'Gen Z' પ્રદર્શનકારીઓ અંગે પોતાની વિવાદિત ટિપ્પણીઓનો બચાવ કરતા સ્પષ્ટતા કરી છે કે તેઓ વિરોધ પ્રદર્શનમાં સામેલ લોકોના એક ચોક્કસ સમૂહ અંગે વાત કરી રહ્યા હતા, નહીં કે આખી પેઢી અંગે. કેટલીક યુવતીઓ અને વિરોધ કરનારાઓને 'જનરેશન ગટર' કહેવા બદલ વિપક્ષી નેતાઓ અને લોકો દ્વારા ટીકા થતાં તેમણે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને પોતાની ચોખવટ રજૂ કરી છે. જંતર-મંતર પર અડધાથી વધુ લોકો શબાના આઝમી ટાઈપના લોકો હતા : કંગનાનો દાવો કંગના રણૌત (Kangana Ranaut)એ પોતાની સોશિયલ મીડિયા સ્ટોરી પર વીડિયો શેર કરીને જંતર-મંતરના પ્રદર્શનને 'Gen Z' વિરોધ ગણાવવા સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શનમાં અલગ-અલગ ઉંમરના લોકો હાજર હતા અને તેમાંથી બહુ ઓછા લોકો યુવા પેઢીના હતા. તેમણે કહ્યું કે 'જો તમે માત્ર Gen Zની વાત કરો છો તો તેમની વસ્તી આશરે 30થી 35 કરોડ જેટલી છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

### ભૂમાફિયા આખો ડુંગર ખોદી ગયા અને તંત્ર ઊંઘતું રહ્યું

# વન મંત્રી અર્જુન મોઢવાડિયાના ગઢમાં જ સિંહોના ઘર પર ચાલી ગયું બુલડોઝર!

પોરબંદર

રાજ્યના વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાના પોતાના જ હોમ ગ્રાઉન્ડ પોરબંદરમાં પર્યાવરણ અને વન્યજીવોનું ખુલ્લેઆમ નિકંદન નીકળી રહ્યું છે. વન મંત્રીની નજર સામે જ ભૂમાફિયાઓએ આખેઆખો ડુંગર ખોદી કાઢ્યો હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. પોરબંદર-જામનગર હાઈવે નજીક આવેલા રાણાવાવ તાલુકાના લધાધાર બસ સ્ટેન્ડની બરાબર પાછળથી આખો ડુંગર ગેરકાયદેસર રીતે ખોદી નાખવામાં આવ્યો છે. રસ્તા પરથી સરેઆમ દેખાતું આ ગેરકાયદે ખનન છેલ્લા 4 મહિનાથી ચાલતું હતું, છતાં જવાબદાર અધિકારીઓ અંધારામાં રહ્યા કે પછી જાણીબુઝીને આંખ આડા કાન કર્યા, તે હવે મોટો સવાલ બની ગયો છે.

આ સમગ્ર કૌભાંડમાં સૌથી વધુ ગંભીર અને ચિંતાજનક બાબત એ છે કે આ એ જ બરડા ડુંગર પંથક છે, જ્યાં એશિયાટિક



સિંહોના વસવાટ અને સંવર્ધન માટે સરકાર કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ ચલાવી રહી છે.

1879 પછી પહેલીવાર સિંહોનું આ વિસ્તારમાં પુનરાગમન થયું છે.

બરડા અભયારણ્ય વિસ્તારમાં હાલ 6 પુખ્ત અને 11 બચ્ચાં મળીને કુલ 17 એશિયાટિક સિંહો વસવાટ કરે છે.

192.31 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું આ અભયારણ્ય પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિસ્તરેલું છે અને તે 40 સિંહોને સમાવવાની ક્ષમતા ધરાવે છે. તાજેતરમાં જ અહીં બરડા સફારી પણ શરૂ કરવામાં આવી છે.

એક તરફ સરકાર બરડાને સિંહોનું 'બીજું ઘર' બનાવીને પ્રવાસન વિકસાવવાના દાવા કરે છે, તો બીજી તરફ વન મંત્રીના જ વિસ્તારમાં સિંહોનું કુદરતી નિવાસસ્થાન ભૂમાફિયાઓ પથ્થર-પથ્થર કરીને વેચી રહ્યા છે!

ભૂમાફિયાઓએ ડુંગર ખોદીને જે પથ્થરો કાઢ્યા, તેનો ઉપયોગ પોરબંદરના માર્ગો બનાવવા માટે કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. એટલે કે, કૌભાંડ પર બીજું કૌભાંડ! એક તરફ કુદરતી સંપત્તિની ચોરી થઈ અને બીજી તરફ એ જ પથ્થરોથી બનેલા રસ્તાઓ પણ ટૂંક સમયમાં તૂટી ગયા. ભ્રષ્ટાચારની આ બેવડી મારીથી પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં ગયા છે.

ચાર-ચાર મહિના સુધી આખો ડુંગર ગાયબ થઈ ગયો ત્યાં સુધી ઊંઘતા ઝડપાયેલા તંત્રે મીડિયામાં અહેવાલો આવ્યા બાદ તપાસનો નાટક શરૂ કર્યો છે.

પોરબંદર કલેક્ટર એચ. ડી. ધાનાણીએ આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે: 'સમાચાર માધ્યમો દ્વારા જાણ થયા બાદ તપાસ કરવામાં આવી હતી. આ લીઝ 2030 સુધી મંજૂર થયેલી છે, પરંતુ પર્યાવરણ ક્લિયરન્સ (EC) મળેલ ન હોવાથી તેનું ખનન અટકાવીને ATR લોક કરવામાં આવ્યું હતું. માત્ર અગાઉ દર્શાવેલો જથ્થો જ નિકાસ કરવાની છૂટ હતી. જો તે સિવાયનો વધારાનો જથ્થો કાઢવામાં આવ્યો હશે તો તેમના પર કડક કાર્યવાહી કરાશે.'

હવે સવાલ એ ઊભો થાય છે કે જો પર્યાવરણનું ક્લિયરન્સ જ નહોતું અને ખનન અટકાવેલું હતું, તો પછી 4 મહિના સુધી ધોળા દિવસે જેસીબી અને ડમ્પરો ચલાવીને આખો ડુંગર કોણે ખોદી નાખ્યો? તંત્રનો આ બચાવ માત્ર પોતાની નિષ્ફળતા છુપાવવાનો લૂલો પ્રયાસ હોય તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાના જ વિસ્તારમાં સિંહોનું ઘર સુરક્ષિત નથી, તો રાજ્યના અન્ય જંગલોનું શું?

## પહેલાં હાથ જોડી ભગવાનને નમન કર્યા, પછી ખેલ પાડ્યો! વિસનગરમાં જ્વેલર્સની દુકાનમાંથી મહિલા ત્રિપુટી સોના-ચાંદી અને રોકડ ભરેલી બેગ ઉપાડી ગાયબ!

મહેસાણા

મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાંથી ચોરીની એક એવી ચોંકાવનારી અને શાતિર ઘટના સામે આવી છે, જે જોઈને પોલીસ પણ દંગ રહી ગઈ છે. વિસનગરની એક જાણીતી જ્વેલર્સની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલી ત્રણ મહિલાઓની ગેંગે વેપારી નજર ચૂકવીને લાખોની રોકડ અને સોના-ચાંદીના દાગીના ભરેલી બેગ પર હાથસાફ કરી દીધો છે. આ સમગ્ર કાળો કારનામો દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગયો છે, જેમાં મહિલાની નફ્ફટાઈ જોઈને સૌ કોઈ અવાક બની ગયા છે! વિસનગરમાં બનેલી આ ઘટનામાં મહિલા ચોર ટોળકીનું 'પરફેક્ટ પ્લાનિંગ' જોવા મળ્યું હતું. જ્વેલર્સની દુકાનમાં સોના-ચાંદીની ખરીદી કરવાના બહાને ત્રણેય મહિલાઓ અંદર ઘૂસી હતી: બે મહિલાઓએ દુકાનદાર અને સેલ્સમેનને ઘરેણાં બતાવવામાં ઉલઝાવી રાખ્યા અને તેમનું પૂરેપૂરું ધ્યાન બીજી તરફ સેરવી દીધું. ભગવાનના નામે પાપ: આ દરમિયાન ત્રીજી મહિલાએ દાગીના અને રોકડ ભરેલી બેગ તરફ નજર કરી.

ચોરી કરતા પહેલાં આ મહિલાએ દુકાનમાં રાખેલી ભગવાનની મૂર્તિ સામે હાથ જોડીને પ્રણામ કર્યા અને ક્ષણવારમાં જ બેગ સરકાવી લીધી!

## અમૂલ ફેડ પેકેજિંગ ફિલ્મ પ્લાન્ટમાંથી ચોરી : 7.16 લાખના કોપર વાયરો ગાયબ, અજાણ્યા તસ્કરો સામે ગુનો દાખલ

ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-25માં અમૂલ ફેડ પેકેજિંગ ફિલ્મ પ્લાન્ટના કમ્પાઉન્ડમાંથી તસ્કરો અંદાજે 7.16 લાખથી વધુની કિંમતના કૉપર કેબલ વાયરની ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી છે. આ સમગ્ર મામલે કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર દ્વારા સેક્ટર-21 પોલીસ મથકમાં અજાણ્યા ચોરો વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સેક્ટર-25 સ્થિત અમૂલ ફેડ પેકેજિંગ ફિલ્મ પ્લાન્ટમાં છેલ્લા આઠેક વર્ષથી આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા અજીતકુમાર કાંતીલાલ રાણાએ ફરિયાદ નોંધાવી છે. તેમના પ્લાન્ટમાં આયાત કરાયેલા કૉપર કેબલ વાયર કમ્પાઉન્ડમાં અલગ-અલગ ત્રણ ડ્રમમાં મૂકવામાં આવ્યા હતા. આ કેબલ વાયરોને ગાંધીનગરની મુખ્ય ડેરી ભાટ ખાતે મોકલવાના હોવાથી પ્લાન્ટ પરિસરમાં રાખવામાં આવ્યા હતા. 31 જુલાઈ, 2026ના રોજ સાંજે પ્લાન્ટના કમ્પાઉન્ડમાં 3 મોટા ડ્રમમાં કૉપર વાયર સુરક્ષિત પડ્યા હતા.

બાદમાં 7 ઓગસ્ટના રોજ સાંજે સાડા ચારેક વાગ્યાના અરસામાં આ કેબલ વાયરને ભાટ ખાતે રવાના કરવા કોન્ટ્રાક્ટર સાથે ડ્રમની ચકાસણી કરવામાં આવી ત્યારે ત્રણેય ડ્રમ સંપૂર્ણપણે ખાલી હાલતમાં મળી આવ્યા હતા. આ મામલે જાણ થતાં અધિકારીઓ અને કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

### યુવરાજસિંહ જાડેજાનો પૂર્વ શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી પર મોટો હુમલો

## પેપર લીક અને કૌભાંડો મામલે રાજકારણ ગરમાયું

ગાંધીનગર

ગુજરાતમાં અવારનવાર ગાજતા પેપર લીક અને સરકારી ભરતી કૌભાંડોના મામલે સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો અને યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ ફરી એકવાર સત્તાધારી પક્ષ સામે મોરચો માંડ્યો છે. ભાજપના પૂર્વ શિક્ષણ મંત્રી અને નેતા જીતુ વાઘાણી સામે ગંભીર આરોપો લગાવતા યુવરાજસિંહે સીધી ઓપન ચેલેન્જ ફેંકી દેતા રાજ્યના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

ડમી કાંડ અને પેપર લીકના મુદ્દાઓને સતત જમીન પર લાવનારા યુવરાજસિંહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, જો તંત્ર અને સરકારમાં હિંમત હોય તો આ તમામ કૌભાંડોની નિષ્પક્ષ તપાસ કરાવે અને ખુલ્લી ચર્ચાના મંચ પર સામસામે આવે!

યુવરાજસિંહે મીડિયા અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા આકરા પ્રહારો કરતા સવાલો



ઉઠાવ્યા છે: તપાસનો ધમધમાટ ક્યાં અટકે છે?: ભાવનગર અને સમગ્ર રાજ્યમાં ચાલતા ડમી ઉમેદવાર કાંડ અને પેપર લીકની કડીઓ ક્યાં સુધી જાય છે તે તંત્ર જાહેર કેમ નથી કરતું?

મોટા માથા સામે ક્યારે પગલાં?: માત્ર નાના કર્મચારીઓ કે એજન્ટોને પકડીને સંતોષ માનવાને બદલે આ કૌભાંડના મુખ્ય સૂત્રધારો સામે ક્યારે સમન્સ નીકળશે? આમને-સામને ઓપન ડિબેટ: જો ભાજપ સરકાર સાચી હોય, તો જીતુ વાઘાણી જનતા અને યુવાનોની સમક્ષ આવીને પેપર લીકના તથ્યો પર ખુલ્લી ચર્ચા સ્વીકારે! બીજી તરફ, જીતુ વાઘાણી અને સરકાર તરફથી સતત એવો દાવો કરવામાં આવ્યો છે કે રાજ્ય સરકાર કાયદા મુજબ કડકમાં કડક પગલાં ભરી રહી છે. કાયદો દરેક માટે સમાન છે અને કોઈપણ દોષિતને બક્ષવામાં આવશે નહીં, પરંતુ આધારવિહીન આરોપો લગાવીને યુવાનોને ભ્રમિત કરવાનો પ્રયાસ ન થવો જોઈએ. આ વિવાદ હવે માત્ર નિવેદનબાજી પૂરતો સીમિત રહ્યો નથી. રાત-દિવસ એક કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા લાખો પરીક્ષાર્થીઓ આજે પૂછી રહ્યા છે કે: 'આખરે ક્યાં સુધી મહેનતુ યુવાનોના હક પર ડમી અને પેપર લીક માફિયાઓ ડાકો મારતા રહેશે?' યુવરાજસિંહ જાડેજાની આ ઓપન ચેલેન્જ બાદ હવે જીતુ વાઘાણી કે સરકાર શું વળતો પ્રહાર કરે છે, તેના પર સમગ્ર ગુજરાતની નજર મંડાયેલી છે!

## કલોલ-માણસા હાઈવે પર ONGC પ્લાન્ટમાં ભીષણ આગ : ફાયર બ્રિગેડે આસપાસનો વિસ્તાર ખાલી કરાવ્યો

ગાંધીનગર

ગાંધીનગરના કલોલ-માણસા હાઈવે પર આવેલા ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC)ના પ્લાન્ટમાં આજે (13 ઓગસ્ટ) વહેલી સવારે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. પ્લાન્ટમાં જ્વલનશીલ પદાર્થો હોવાને કારણે અગનજ્વાળાઓ અને કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊડતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર ફાઈટરોની ટીમો સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

ઘટનાની ગંભીરતા જોઈ કલોલ અને ગાંધીનગરથી ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. જવાનોએ પાણી અને ફોમનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવી હતી. સુરક્ષાના



પગલારૂપે પ્લાન્ટ આસપાસનો વિસ્તાર ખાલી કરાવી કલોલ-માણસા હાઈવે પરના વાહનવ્યવહારને થોડા સમય માટે ડાયવર્ટ કરવામાં આવ્યો હતો.

## 84 સ્થળમાંથી 34 કિલો એનાલોગ પનીરનો જથ્થો મળ્યો: ભરૂચમાં શહેર તથા હાઇવે પર આવેલી હોટલોમાં સઘન ચકાસણી કરાઇ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લામાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા નકલી પનીર, એટલે કે પનીર એનાલોગ પર 6 ઓગસ્ટથી સંપૂર્ણ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે.

5 દિવસીય સઘન તપાસ દરમિયાન ફૂડ વિભાગની ટીમોએ કુલ 84 સ્થળોએ ચેકિંગ કર્યું હતું. જેમાંથી કુલ 34 કિલો જેટલો પ્રતિબંધિત પનીર એનાલોગનો જથ્થો મળી આવ્યો હતો.

તાત્કાલિક ધોરણે આ સમગ્ર જથ્થો જપ્ત કરી નિયમ મુજબ તેનો નાશ કરવામાં આવ્યો હતો.

ભરૂચના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તરફથી6 થી 10 ઓગસ્ટ દરમિયાન ફૂડ વિભાગની અલગ-અલગ ટીમો દ્વારા ભરૂચ જિલ્લા ઉપરાંત હાઈવે પર આવેલી વિવિધ હોટેલ, રેસ્ટોરન્ટ, પિઝા સેન્ટર, ધાબા અને હોલસેલ વેપારીઓને ત્યાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસનો મુખ્ય હેતુ બજારમાં પ્રતિબંધિત પનીર એનાલોગનું ઉત્પાદન, સંગ્રહ કે વેચાણ થઈ રહ્યું છે કે કેમ તેની ચકાસણી કરવાનો હતો. 5 દિવસીય સઘન તપાસ દરમિયાન ફૂડ વિભાગની ટીમોએ કુલ 84 સ્થળોએ ચેકિંગ કર્યું હતું.

### ચાર મહિના, 115 દિવસ અને એક માસૂમનો જીવ

## ગાંધીનગરના માધવગઢમાં શાળાની દિવાલ ધસી પડતાં બાળકના મોત મામલે તંત્રના પેટનું પાણી ન હાલ્યું!

ન્યાયની આશા ગુમાવી ચૂકેલો પીડિત પરિવાર આજે ગ્રામજનો અને સહાયકો સાથે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે દોડી ગયો હતો અને કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું

ગાંધીનગર

ગાંધીનગરના માધવગઢ ગામમાં સરકારી શાળાના અણઘડ ડિમોલેશનની કામગીરીએ એક ચોથા ધોરણમાં ભણતા માસૂમ બાળકનો બલિ લેઇ લીધો હતો. એપ્રિલ મહિનામાં શાળાની અડધી-પડધી અને જોખમી રીતે છોડી દેવાયેલી દિવાલ ધરાશાયી થતાં આ કાળજું કંપાવી દેનારી હોનારત સર્જાઈ હતી. આજે આ કરુણ ઘટનાને પૂરા ૧૧૫ દિવસ વીતી ગયા હોવા છતાં, તંત્રના આંધળા અને બહેરા વહીવટના કારણે પીડિત પરિવાર હજુ પણ ન્યાય માટે દર-દરની ઠોકરો ખાવા મજબૂર બન્યો છે.

જે શાળામાં બાળક ભણવા અને દેશનું ભવિષ્ય બનવા જતો હતો, તે જ સરકારી શાળા તંત્રની ઘોર બેદરકારીના કારણે તેની કબર બની ગઈ. ડિમોલેશનનું કામ અડધું છોડી દેનારા કોન્ટ્રાક્ટર અને તેના પર સુપરવિઝન ન રાખનારા શિક્ષણ વિભાગના અધિકારીઓની બેદરકારીના કારણે જ આ મોભી જેવો દીકરો છીનવાયો છે.

૧૧૫ દિવસનો અસહ્ય ઇંતેજાર: ચાર મહિના વીતી ગયા પરંતુ આજદિન સુધી દોષિત અધિકારીઓ કે કોન્ટ્રાક્ટર સામે દાખલારૂપ આકરાં પગલાં લેવાયા નથી.

કલેક્ટર કચેરીએ પોકાર: ન્યાયની આશા ગુમાવી ચૂકેલો પીડિત પરિવાર આજે ગ્રામજનો અને સહાયકો સાથે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે દોડી ગયો હતો અને કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

અલ્ટિમેટમ અને આંદોલનની ચીમકી: પરિવારે સ્પષ્ટ શબ્દોમાં આખરી ચીમકી આપી છે કે જો ૧૫ દિવસમાં (૩૦ ઓગસ્ટ સુધીમાં) ન્યાય નહીં મળે અને જવાબદારો સામે કડક કાર્યવાહી નહીં થાય, તો તેઓ ઉગ્ર આંદોલન કરીને ગાંધીનગરમાં ધરણાં પર બેસશે.

રાજધાની ગાંધીનગરના નાકની નીચે જ સરકારી શાળામાં આવી મોટો કાંડ થઈ જાય અને ચાર-ચાર મહિના સુધી તપાસના નામે કાગળો જ ઘોળાયા કરે, તે વહીવટીતંત્ર માટે અત્યંત શરમજનક બાબત છે.

શું આ માસૂમ બાળકને ન્યાય મળશે કે પછી સરકારી ફાઈલોના અંકડાઓમાં આ કેસ પણ દબાઈ જશે?

### સાબરમતી રિવરફ્રન્ટ અને કચરા વ્યવસ્થાપનથી પ્રભાવિત થયા

## મ્યુનિ. સ્ટેન્ડિંગ ચેરમેન કમલેશ પટેલે અમદાવાદનું વિકાસ મોડેલ રજૂ કર્યું

તિરુવનંતપુરમ શહેરના મેયરના નેતૃત્વમાં આવેલા પ્રતિનિધિમંડળે અમદાવાદની મુલાકાત લીધી

અમદાવાદ

શહેરની મુલાકાતે આવેલા કેરળ રાજ્યના તિરુવનંતપુરમ શહેરના મેયર સહિતના પ્રતિનિધિમંડળ સમક્ષ મેયરની સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશભાઈ પટેલે અમદાવાદના વિકાસ મોડેલની રજૂઆત કરી હતી. અમદાવાદ શહેરના સર્વાંગી શહેરી વિકાસ, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને નાગરિક સુવિધાઓના સફળ મોડલને નજીકથી સમજવા માટે કેરલમ રાજ્યના તિરુવનંતપુરમ શહેરના મેયર વી.વી. રાજેશના નેતૃત્વમાં આવેલા પ્રતિનિધિમંડળે ગુરુવારે અમદાવાદની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે અમદાવાદ મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ બારોટ, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશભાઈ પટેલ તથા દંડક અતુલ મિશ્રા તેમજ મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું હતું. આ મુલાકાત દરમિયાન બંને શહેરોના પ્રતિનિધિઓ વચ્ચે શહેરી વિકાસ, નાગરિક સુવિધાઓ અને શહેરી વ્યવસ્થાપનના વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.



અમદાવાદના વિકાસના પ્રતિક સમાન સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટે તિરુવનંતપુરમના પ્રતિનિધિમંડળનું વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. પ્રતિનિધિમંડળે રિવરફ્રન્ટ વિસ્તારની મુલાકાત લઈને તેના આયોજન, વિકાસ અને સંચાલન અંગે વિગતવાર માહિતી મેળવી હતી. આ દરમિયાન પ્રતિનિધિમંડળે કેશવ વર્મા સાથે મુલાકાત કરી હતી અને તેમની પાસેથી સાબરમતી રિવરફ્રન્ટના વિવિધ પાસાઓ, તેના અમલીકરણ અને શહેરના વિકાસમાં તેના યોગદાન અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન તિરુવનંતપુરમના મેયર વી.વી. રાજેશે અમદાવાદની કચરા વ્યવસ્થાપન અને કચરા પ્રોસેસિંગની વ્યવસ્થાની પણ વિસ્તૃત માહિતી મેળવી હતી.

## અંકલેશ્વરમાં ડ્રગ્સ કેસ: ફરાર ગાંજા સપ્લાયર ઝડપાયો : GIDC એપાર્ટમેન્ટમાંથી મેફેડ્રોન ડ્રગ્સ અને ગાંજો મળ્યા બાદ કાર્યવાહી

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર GIDC વિસ્તારમાં તોરલ એપાર્ટમેન્ટમાંથી ગાંજા અને મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ઝડપાયા બાદ પોલીસે કાર્યવાહી કરી છે. આ કેસમાં ફરાર ગાંજા સપ્લાયર આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા અંકલેશ્વર GIDCમાં પશુપતિ મંદિર પાસે આવેલા તોરલ એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર 301માં દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન મોહિતકુમાર રાજેશકુમાર પાલ પાસેથી કુલ રૂ. 93,280નો મુદ્દામાલ કબજે લેવાયો હતો.

કબજે કરાયેલા મુદ્દામાલમાં આશરે 1.045 કિલોગ્રામ ગાંજો, જેની કિંમત રૂ. 52,250, અને 12.01 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ, જેની કિંમત રૂ. 36,000, તેમજ એક મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે. તપાસમાં સામે આવ્યું કે, ગાંજાનો જથ્થો લક્ષ્મણનગરમાં રહેતા ફરાર આરોપી મીથીલેશ પાસેથી અને મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો GIDCના ક્વાટર્સમાં રહેતા ફરાર આરોપી દિપ્તેશ પટેલ પાસેથી વેચાણના હેતુસર લાવવામાં આવ્યો હતો.

પોલીસે આ મામલામાં ફરાર આરોપી મીથીલેશ કુમારને ઝડપી પાડ્યો છે. મીથીલેશ ગાંજાનો સપ્લાય કરતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મર્ડરના આરોપીને જેલમાંથી બહાર કાઢવા 'મેડિકલ સર્ટિફિકેટ'નો ખેલ! કેશોદના ડો. રાજેશ સાંગાણીના 'મિસકન્ડક્ટ' સામે વેરાવળ કોર્ટનું કડક વલણ

**ડોક્ટરે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, "મેં માત્ર એક તબીબી અભિપ્રાય આપ્યો હતો. આરોપી કે તેના પ્રતિનિધિઓએ આ અભિપ્રાયનો ગલત અને ખોટી રીતે અદાલત સમક્ષ દુરુપયોગ કર્યો છે"**

ગંભીર ગુનાના આરોપીઓને જેલના સળિયા પાછળથી બહાર લાવવા કે જામીન મેળવવા માટે બોગસ મેડિકલ સર્ટિફિકેટ બનાવવાનું મોટું નેટવર્ક ચાલી રહ્યું હોવાનો વધુ એક સણસણતો કિસ્સો સામે આવ્યો છે. મર્ડર (હત્યા) જેવા અત્યંત ગંભીર કેસના આરોપીને જેલમાંથી છૂટો કરવા અથવા રાહત અપાવવા માટે મેડિકલ પ્રેક્ટિસનો દુરુપયોગ કરવાના મામલે વેરાવળ કોર્ટે ભારે લાલ આંખ કરી છે. કેશોદના જાણીતા ડો. રાજેશ સાંગાણીના આ ક્ષેત્રમાં સામે આવેલા 'મિસકન્ડક્ટ' (પ્રોફેશનલ ગેરવર્તણૂક) સામે કોર્ટે કડક વલણ અપનાવતા સમગ્ર તબીબી આલમ અને કાનૂની વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે. મળતી વિગતો મુજબ, મર્ડર કેસમાં જેલમાં બંધ આરોપી માટે જામીન કે તબીબી રાહત મેળવવાના હેતુથી એક મેડિકલ અભિપ્રાય / સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું. કેશોદના ડો. રાજેશ સાંગાણી દ્વારા આપવામાં આવેલા આ મેડિકલ ડોક્યુમેન્ટના આધારે આરોપીને જેલમાંથી બહાર લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ જ્યારે આ મેડિકલ સર્ટિફિકેટ વેરાવળ કોર્ટ સમક્ષ રજૂ થયું, ત્યારે કોર્ટની તીક્ષ્ણ નજરે આ કાગળિયાં પાછળની રમત પકડી પાડી હતી. કોર્ટનું આકરું વલણ: કોર્ટે આ પ્રકારના સર્ટિફિકેટને તબીબી નૈતિકતાનું ઉલ્લંઘન ગણાવી ડોક્ટરની કામગીરી અને નીતિમત્તા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. હત્યા જેવા જઘન્ય ગુનાના આરોપીઓને તબીબી કારણો આગળ ધરીને કાયદાની સુંગાળમાંથી બચાવવાના આવા પ્રયાસો સામે કોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી હતી. વેરાવળ કોર્ટના કડક વલણ અને મિસકન્ડક્ટ સામેની કાર્યવાહીની આંચ અનુભવાતાં જ ડો. રાજેશ સાંગાણીએ પોતાનો બચાવ રજૂ કરવો પડ્યો હતો.

ડોક્ટરે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, 'મેં માત્ર એક તબીબી અભિપ્રાય આપ્યો હતો. આરોપી કે તેના પ્રતિનિધિઓએ આ અભિપ્રાયનો ગલત અને ખોટી રીતે અદાલત સમક્ષ દુરુપયોગ કર્યો છે.'

પાક્કો ગુજરાત
શુક્રવાર | 14 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### જૂની રિક્ષા, નવો અંદાજ: વિરાસત અને પ્રવાસનનો સુંદર સમન્વય

# વડનગરની ગલીઓમાં 'હેરિટેજ ઓટો'નો અનોખો જાદુ: હર્ષ સંઘવીએ માણી અનોખી સફર



વડનગર,

જે માત્ર એક શહેર નથી પરંતુ ભારતના પ્રાચીન ઈતિહાસ, સ્થાપત્ય અને સંસ્કૃતિનો ધબકતો દસ્તાવેજ છે! તાજેતરમાં વડનગરની મુલાકાતે પહોંચેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ શહેરની ગલીઓમાં એક એવી અનોખી સફર માણી, જેણે માત્ર તેમનું જ નહીં પરંતુ સમગ્ર રાજ્યનું ધ્યાન ખેંચ્યું છે.

આ સફર કોઈ લક્ઝુરિયસ ગાડીમાં નહીં, પરંતુ શહેરના ભવ્ય વારસાને પોતાનામાં સમટીને દોડતી એક ખાસ 'હેરિટેજ ઓટો' માં હતી. વડનગરના પ્રવાસનને નવો વેગ આપવા અને પ્રવાસીઓને અનોખો અનુભવ કરાવવા માટે એક અદ્ભુત પહેલ કરવામાં આવી છે. અહીંની સામાન્ય અને જૂની ઓટો રિક્ષાઓને એક રોયલ 'હેરિટેજ લુક' આપવામાં આવ્યો છે.

આ રિક્ષાઓને એ રીતે શણગારવામાં અને ડિઝાઈન કરવામાં આવી છે કે જેથી તે જોતાં જ વડનગરની ઐતિહાસિક વિરાસતની ઝાંખી કરાવે.

આ રિક્ષા માત્ર મુસાફરોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનું સાધન નથી, પરંતુ વડનગરના ખૂણે-ખૂણે છુપાયેલા ઈતિહાસને પ્રવાસીઓ સુધી પહોંચાડતી એક ચાલતી-ફરતી વિરાસત બની ગઈ છે.

વડનગરની ગલીઓમાંથી પસાર થતી આ હેરિટેજ ઓટોમાં સવાર થઈને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સમગ્ર શહેરના વારસાને નજીકથી અનુભવ્યો હતો. આ અદ્ભુત અનુભવ બાદ તેમણે પોતાના ભાવો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે:

'વડનગરના રસ્તાઓ પરથી પસાર થતાં જ્યારે આ અનોખી રિક્ષાની સફર સાથે શહેરના વારસાને અનુભવ્યો, ત્યારે એ વાતની અનુભૂતિ થઈ કે અહીં ઈતિહાસ માત્ર પ્રાચીન સ્મારકો કે પથ્થરોમાં કેદ નથી, પરંતુ વડનગરના રોજિંદા જીવનમાં પણ એટલો જ જીવંત છે.'

### ફેસબુક ઉપર 68 વર્ષના સિનિયર સિટીઝનને

## ફ્રેન્ડ બનાવી હનીટ્રેપમાં ફસાવેલ મહિલા આરોપી ને કરજણ કોર્ટે જામીન આપ્યા

સાધલી, હસમુખ પટેલ

વડોદરાના કમલેશ દવે (68 વર્ષ) ને ફેસબુક ઉપર પિંકી પટેલે (ખોટું નામ) ફ્રેન્ડ બનાવી સાગરીતો સાથે મળી રૂપિયા 7,00,000 પડાવેલ, તે આરોપી પિન્કી પટેલને જામીન પર મુક્ત કર્યા છે. શિનોર પોલીસ સ્ટેશનને તારીખ 9 ડિસેમ્બર 2025 ના રોજ ફરિયાદી કમલેશ દવે 68 વર્ષ દ્વારા ફરિયાદ લખાવેલ કે પિંકી પટેલ સાથે ફેસબુક મિત્રતા થયા પછી તારીખ 2 ડિસેમ્બર 2005 ના રોજ માલસર ફરવા ગયેલા અને પરત શિનોર આવતા નાળા પર બેઠા હતા, ત્યારે ચાર ઈસમોએ પોલીસની ઓળખ આપીને, આ બેન ડ્રગના ગુનામાં સંડોવાયેલ છે, તમે તેની સાથે હોય તમે પણ સામેલ આરોપી છે, એમ કહીને ફોરવીલ ગાડીમાં નાખી દીધા હતા અને નિકાલ કરવા માટે રૂપિયા 9 લાખ માંગતા તેની સામે 7,00,000 કમલેશ દવેએ આપ્યા હતા. સામાજિક બીક ના કારણે ફરિયાદ મોડી આપી હતી. જેની તપાસ દરમિયાન પોલીસ બનેલા ચાર આરોપીઓ પકડાઈ ગયા હતા અને ફરિયાદીને 7,00,000 પરત આપી દીધા હતા અને મુખ્ય આરોપી પિન્કી પટેલ જે ખોટું નામ હતું અને મુખ્ય નામ અંકિતા યજ્ઞેશ હરગોવિંદ રાવલ ને તારીખ 9 જુલાઈ 2026 થી અટકાયત કરવામાં આવી હતી. તેઓના વકીલ આર. એફ. ગરાસીયા, આસીફ આઈ નકુમ અને પર્વતસિંહ કુશવાહા સાધલી દ્વારા અધિક સત્ર ન્યાયાલય કોડ નંબર 8 વડોદરા કરજણ મુકામે જામીન અરજી રજૂ કરી હતી.

### ઝારખંડમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં સૂત્રોચ્ચાર

## એમ.એસ. યુનિવર્સિટી પેવેલિયન પાસે ABVPના કાર્યકરોનો ભારે હંગામો

વડોદરા

આજ રોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) વડોદરા યુનિટ દ્વારા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ના પેવેલિયન પાસે એક ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

ઝારખંડ ખાતે શાંતિપૂર્ણ રીતે પોતાના હક અને માંગણીઓ માટે આંદોલન કરી રહેલા નિર્દોષ વિદ્યાર્થીઓ પર ત્યાંની પોલીસ દ્વારા કરવામાં આવેલા અમાનુષી લાઠીચાર્જના વિરોધમાં આ પ્રદર્શન યોજાયું હતું. ઝારખંડમાં બનેલી ઘટનાના પડઘા હવે ગુજરાતના શૈક્ષણિક ધામ વડોદરા સુધી પહોંચ્યા છે. એમ.એસ. યુનિવર્સિટીના પેવેલિયન પાસે મોટી સંખ્યામાં એકઠા



થયેલા ABVPના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ ઝારખંડ સરકાર અને પ્રશાસન વિરુદ્ધ જબરદસ્ત વિરોધ નોંધાવ્યો હતો. આક્રોશિત વિદ્યાર્થીઓએ ઝારખંડ પોલીસની દમનકારી નીતિ સામે ભારે સૂત્રોચ્ચાર કરીને સમગ્ર કેમ્પસ ગજવી મૂક્યું હતું. વિદ્યાર્થી નેતાઓએ આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, 'લોકશાહીમાં વિદ્યાર્થીઓને પોતાની ન્યાયી માંગણીઓ માટે શાંતિપૂર્ણ વિરોધ કરવાનો અધિકાર છે. ઝારખંડમાં વિદ્યાર્થીઓ પર થયેલો લાઠીચાર્જ એ કાયદો અને વ્યવસ્થાનો દુરુપયોગ છે અને વિદ્યાર્થી શક્તિ પરનો હુમલો છે, જેને સાંખી લેવામાં આવશે નહીં.' MSU પેવેલિયન પાસે વિરોધ પ્રદર્શનની જાણ થતાં જ સયાજીગંજ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. કેમ્પસ બહાર રોડ પર શાંતિ અને સભાનતા જળવાઈ રહે તે માટે પોલીસે સ્થિતિ થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

યુનિવર્સિટી વિસ્તારમાં માહોલ વધુ ઉગ્ર ન બને તે હેતુથી સયાજીગંજ પોલીસે ઘટનાસ્થળેથી જ વિરોધ પ્રદર્શન કરી રહેલા ABVPના આગેવાનો અને વિદ્યાર્થી કાર્યકરોની અટકાયત કરી હતી અને તેમને પોલીસ વાનમાં બેસાડીને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા.

## અંકલેશ્વરના રાજહંસ સિનેમામાં આગ: એપલ પ્લાઝામાં મલ્ટિપ્લેક્સની સ્ક્રીન નંબર-3 બળીને ખાક

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરના કોસમડી નજીક આવેલા એપલ પ્લાઝા સ્થિત રાજહંસ સિનેમામાં આગ લાગી હતી. ચાલુ ફિલ્મ દરમિયાન સ્ક્રીન નંબર-3માં આગ ભભૂકી ઉઠી હતી, જેના કારણે સિનેમા હોલમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં સ્ક્રીન નંબર-3નો સમગ્ર હિસ્સો બળીને ખાક થઈ ગયો હતો.

આગની ઘટનામાં બે લોકો અંદર ફસાઈ ગયા હતા, જેમને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો.

ફાયર વિભાગની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. ત્રણ ફાયર ટેન્ડરની મદદથી આશરે બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.

આગની ગંભીરતાને જોતા ડી.વાય.એસ.પી. ડૉ. કુશલ ઓઝા સહિતના પોલીસ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી. આગ કયા કારણોસર લાગી તે અંગે હાલ તપાસ હાથ ધરવામાં આવી છે.

### 'હર ઘર તિરંગા' અભિયાન

## BJP પ્રદેશ અધ્યક્ષએ નિવાસસ્થાને દેશનો આન-બાન-શાન સમાન તિરંગો લહેરાવ્યો

### રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવના ઉજાગર કરતી અનોખી ક્ષણ: જગદીશ વિશ્વકર્માએ નાગરિકોને પોતાના ઘરે તિરંગો લહેરાવી સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવા આહ્વાન કર્યું

ગાંધીનગર

સમગ્ર દેશમાં જ્યારે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત રાષ્ટ્રપ્રેમનો અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે, ત્યારે ભારતીય જનતા પાર્ટી ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજીએ પણ આ અભિયાનમાં સહભાગી થઈ રાષ્ટ્રગૌરવની ભાવનાને વધુ ઉર્જાવંત કરી છે.

જગદીશ વિશ્વકર્માજીએ પોતાના નિવાસસ્થાને દેશની શાન સમાન ત્રિરંગાને પૂર્ણ સન્માન સાથે લહેરાવ્યો હતો અને માતૃભૂમિ પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. પોતાના નિવાસસ્થાને તિરંગો લહેરાવ્યા બાદ ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજીએ દેશવાસીઓને સંદેશ આપતાં જણાવ્યું હતું કે: 'તિરંગો એ



માત્ર એક ધ્વજ નથી, પરંતુ આપણા દેશની એકતા, અખંડિતતા અને કરોડો દેશવાસીઓના સમર્પણ તથા બલિદાનનું પ્રતિક છે. 'હર ઘર તિરંગા' અભિયાન દરેક ભારતીયના હૃદયમાં દેશભક્તિની જ્યોતને વધુ પ્રજ્વલિત કરવાનું એક અદ્ભુત માધ્યમ બન્યું છે.' પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના આહ્વાનથી શરૂ થયેલું 'હર ઘર તિરંગા' અભિયાન આજે એક જનઆંદોલન બની ચૂક્યું છે. ગુજરાતના ખૂણે-ખૂણે આજે દેશભક્તિનો માહોલ છે. જગદીશભાઈ વિશ્વકર્માજીએ ગુજરાતના તમામ નાગરિકોને પોતાના ઘરો, કાર્યાલયો અને પ્રતિષ્ઠાનો પર સન્માનપૂર્વક રાષ્ટ્રધ્વજ લહેરાવીને સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવા માટે અપીલ કરી હતી.

### 205 નિર્દોષ બાળકોના હક પર ત્રાપ: કોણ છે આ પાપનો ભાગીદાર?

## બાળકોના મોંમાંથી છીનવાયો પૌષ્ટિક આહાર : દાંતાના જંગલમાં ઢોળાયું દૂધ સંજીવની યોજનાનું દૂધ!

દાંતા

દાંતા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા માળ ગામમાંથી એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. સરકારી શાળાના નાના-નાના અબુધ બાળકોના આરોગ્ય અને પોષણ માટે સરકાર દ્વારા શરૂ કરાયેલી દૂધ સંજીવની યોજનાના દૂધને બાળકો સુધી પહોંચાડવાને બદલે જંગલમાં રસ્તા કિનારે ફેંકી દેવાયેલું મળી આવ્યું છે. આ દ્રશ્યો સામે આવતા જ સમગ્ર શિક્ષણ આલમ અને સ્થાનિક પંથકમાં ભારે અરેરાટી સાથે આક્રોશનો વંટોળ ઊભો થયો છે.



માળ પ્રાથમિક શાળામાં હાલ ૨૦૫ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ બાળકોને દરરોજ તાજું અને પૌષ્ટિક દૂધ મળે તે માટે દૂધ સંજીવની યોજના હેઠળ દૂધનો પુરવઠો મોકલવામાં આવે છે. પરંતુ અફસોસની વાત એ છે કે જે તાજું દૂધ બાળકોના પેટમાં જવું જોઈતું હતું, તે જંગલમાં રસ્તા પર ફેંકી દેવાયું. આ બાબતે શાળાના આચાર્યએ પણ એક મોટો ખુલાસો કર્યો છે. આચાર્યના જણાવ્યા મુજબ અઠવાડિયામાં એક દિવસ શાળામાં દૂધ પહોંચતું જ નથી! આ નિવેદને પુરવઠો પહોંચાડનાર એજન્સી અને સપ્લાય સિસ્ટમની ઘોર બેદરકારી પર મોટો સવાલ ઊભો કરી દીધો છે. માળ ગામના લોકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક ગ્રામજનોનો ગંભીર આરોપ છે કે આ કોઈ પહેલી વાર બન્યું નથી. અગાઉ પણ આ જ રીતે રસ્તામાં દૂધ ફેંકી દેવામાં આવ્યું હોવાના બનાવો બની ચૂક્યા છે. ગામલોકો હવે આરપારના મૂડમાં છે અને તેમણે માગ કરી છે કે: દૂધ મૂકવા આવતી ગાડી અને તેના જવાબદારો સામે તાત્કાલિક કાયદેસરની કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. કાળાબજારી કે આળસના કારણે આ પૌષ્ટિક દૂધ ફેંકી દેનારા સપ્લાયર સામે ગુનો નોંધી દાખલારૂપ પગલાં લેવાય. બાળકોનું કુપોષણ દૂર કરવા માટે પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા આ યોજના પાછળ વપરાય છે, ત્યારે દાંતાના જંગલોમાં ફેંકાયેલું આ દૂધ તંત્રની નિષ્ક્રિયતાની ગવાહી આપી રહ્યું છે. તાજું દૂધ બાળકોના પેટમાં જવાને બદલે જંગલમાં કોણે અને કેમ ફેંક્યું? અઠવાડિયે એક દિવસ શાળા સુધી દૂધ ન પહોંચવા છતાં શિક્ષણ વિભાગ કેમ આંખ આડા કાન કરી રહ્યું હતું?

### "ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતને કસાઈવાડો બનાવી દીધો!"

## કેન્દ્રીય કૃષિ મંત્રાલયના આંકડા સામે આવતાં જીવદયા પ્રેમીઓમાં ભારે આક્રોશ

ગાંધીનગર

અહિંસા, કરુણા અને જીવદયાની ભૂમિ ગણાતા ગુજરાતમાં સત્તાધીશોના દાવાઓની ધજીયા ઉડાવતો એક ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલયના તાજેતરના આંકડાઓએ સમગ્ર રાજ્યમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં કાયદેસર અને ગેરકાયદે કતલખાનાઓનો મોટો વિસ્ફોટ થયો હોવાના આક્ષેપો સાથે ગૃહમંત્રી અને ભાજપા સરકાર સામે ચોમેરથી તીખા પ્રહારો થઈ રહ્યા છે.

ગુજરાતમાં 10,735 કાયદેસર અને 2,176 ગેરકાયદેસર કતલખાનાઓ ધમધમી રહ્યા છે.

છેલ્લા 3 વર્ષની અંદર રાજ્યમાં 98,865 ટન માંસનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

જીવદયા પ્રેમીઓ અને સંગઠનો આક્રોશ વ્યક્ત કરતાં કહી રહ્યા છે કે, 'જે ભૂમિ પર વૈષ્ણવ અને જૈન પરંપરાનો દબદબો છે, જ્યાં પશુબલિ અને કતલ સામે લડાઈઓ લડાઈ છે, તે જ ગુજરાતને ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજમાં કસાઈવાડો બનાવી દેવામાં આવ્યો છે!'

સરકારની નીતિઓ અને ગૃહ વિભાગની નિષ્ક્રિયતા સામે સીધા પ્રહારો કરતા વિરોધીઓ અને જીવદયા પ્રેમીઓએ જણાંવ્યું છે કે:

'ભાજપા સરકારે પહેલાં રાજ્યમાં ગુંડાઓ, બુટલેગરો અને ડ્રગ્સ માફિયાઓને છૂટો દોર આપ્યો અને હવે કસાઈઓના સામ્રાજ્યનો એક નવો જ ઈતિહાસ હર્ષ સંઘવીએ સર્જી દીધો છે. જૈનનો દીકરો રાજ્યનો ગૃહમંત્રી હોય અને તેની જ નજર સામે 2,176 ગેરકાયદે કતલખાના બેફામ ચાલે, તેનાથી મોટી શરમજનક બાબત બીજી કોઈ હોઈ ન શકે!'

1. હાઈવે પરથી લઈને શહેરોના ખૂણે-ખૂણે ધમધમતા 2,176 ગેરકાયદેસર કતલખાના ગૃહ વિભાગ અને પોલીસ તંત્રને કેમ દેખાતા નથી?

2. જીવદયા અને ગૌરક્ષાના નામે વોટ માંગતી ભાજપ સરકારના શાસનમાં જ માંસનું આટલું મોટું ઉત્પાદન કોના આશીર્વાદથી થઈ રહ્યું છે?

3. ગેરકાયદેસર રીતે ચાલતા કતલખાનાઓ પર બુલડોઝર ક્યારે ફરશે કે પછી માત્ર કાગળ પર જ કાર્યવાહીના નાટક ચાલશે? આંકડાઓ સામે આવ્યા બાદ હવે રાજ્યભરના જીવદયાપ્રેમીઓ અને ધાર્મિક સંગઠનોમાં ભારે ઉકળાટ જોવા મળી રહ્યો છે. જો ગેરકાયદે કતલખાનાઓ સામે તાત્કાલિક કડક પગલાં નહીં ભરાય, તો ગાંધીનગરમાં મોટો વિરોધ પ્રદર્શન થવાની પૂરેપૂરી શક્યતાઓ છે.

## રાયસિંગપુરામાં 65 વર્ષીય મહિલાના મોત બાદ વન વિભાગની કાર્યવાહી, દીપડો ઝડપાતા ગ્રામજનોમાં રાહત

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

જિલ્લાના કવાંટ તાલુકાના રાયસિંગપુરા ગામમાં ગત અઠવાડિયે 65 વર્ષીય રહીબેન રેવજીભાઈ નાયકના મોતની હૃદયદ્રાવક ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાને પગલે વન વિભાગ દ્વારા શંકાસ્પદ દીપડાને પકડવા માટે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વન વિભાગની ટીમે રાયસિંગપુરા વિસ્તારમાં પાંજરું ગોઠવી સતત દેખરેખ રાખી હતી. દરમિયાન ગઈકાલે મોડી રાત્રે પાંજરામાં એક નર દીપડો ફસાઈ ગયો હતો. દીપડો ઝડપાયો હોવાની જાણ થતાં ગ્રામજનોમાં રાહતનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક દિવસોથી દીપડાના



ભયને કારણે લોકો ખાસ કરીને સાંજ બાદ ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા. દીપડો પકડાતા ગ્રામજનોએ વન વિભાગની કામગીરીને આવકારી છે.

સાથે જ ગ્રામજનોએ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ વધારવા અને ભવિષ્યમાં માનવ-વન્યજીવ સંઘર્ષની ઘટનાઓ ન બને તે માટે જરૂરી તકેદારી રાખવાની માંગ કરી છે. જોકે, પકડાયેલો દીપડો જ 65 વર્ષીય મહિલાના મોત માટે જવાબદાર હતો કે નહીં, તેની સત્તાવાર પુષ્ટિ વન વિભાગની તપાસ બાદ જ થઈ શકશે.

### મનસુખ વસાવાની 'ઘરની બોલી'થી ભાજપમાં ભારે ચિંતા!

## આદિવાસી પટ્ટામાં રાજકીય ભૂકંપ! જંગલની જમીન મુદ્દે ચૈતર વસાવાના પત્ની મેદાનમાં...

નર્મદા

દક્ષિણ ગુજરાતના આદિવાસી બેલ્ટમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે! જંગલની જમીન અને આદિવાસીઓના અધિકારોના મુદ્દે એકતરફ આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય ચૈતર વસાવાના પત્ની શંકુંતલાબેન વસાવાએ સડક પર ઉતરીને ઉગ્ર આંદોલનનું બ્યુગલ ફૂંકી દીધું છે. તો બીજી તરફ, ભાજપના જ જેષ્ઠ અને વરિષ્ઠ સાંસદ મનસુખ વસાવાના વલણે ભાજપ મોવડીમંડળની ઊંઘ ઉડાડી દીધી છે!

જંગલ જમીનના અધિકારો (Forest Rights Act) હેઠળ આદિવાસીઓને તેમની જમીનોના હક્કપત્રો ન મળતા હોવાના આક્ષેપ સાથે ચૈતર વસાવાના પત્ની શંકુંતલા વસાવાએ સ્થાનિક આદિવાસી મહિલાઓ અને કાર્યકરોને સાથે રાખીને મોરચો માંડ્યો છે.

જમીન વિહોણા બનેલા આદિવાસી પરિવારને વનવિભાગ દ્વારા કરવામાં આવતી હેરાનગતિ સામે તેમણે સીધો પડકાર ફેંક્યો છે. 'અમારી જમીન, અમારો હક'ના નારા સાથે શરૂ થયેલું આ આંદોલન હવે સમગ્ર આદિવાસી વિસ્તારમાં ઝડપથી ફેલાઈ રહ્યું છે, જે શાસક પક્ષ માટે મોટો ખતરો બની શકે છે. આ મામલે સૌથી મોટો રાજકીય ધમાકો ભાજપના જ સાંસદ મનસુખ વસાવાના વલણથી થયો છે. મનસુખ વસાવા અવારનવાર આદિવાસીઓના પ્રશ્ને વનવિભાગ અને સરકારી અધિકારીઓની કાર્યશૈલી સામે અવાજ ઉઠાવતા રહ્યા છે.

જંગલ જમીનના મુદ્દે અધિકારીઓ દ્વારા આદિવાસીઓ સાથે કરવામાં આવતા અન્યાય સામે મનસુખ વસાવાએ ફરી એકવાર આકરું વલણ અપનાવ્યું છે. વિપક્ષ (ચૈતર વસાવા જૂથ) જે મુદ્દે આંદોલન કરી રહ્યું છે, તે જ મુદ્દે ભાજપના પોતાના જ સંસદસભ્ય સરકાર અને તંત્ર સામે આંગળી ચિંધી રહ્યા છે. જેના કારણે 'ઘરના જ ઘાતકી' જેવી સ્થિતિ સર્જાતાં ભાજપ સંગઠન અને સરકાર બેકફૂટ પર આવી ગયા છે.

## બોડેલીમાં આખલાની લડાઈથી ભયનો માહોલ

### 15 કલાકમાં ત્રણ લોકોને અડફેટે લેતા લોકોમાં ફફડાટ – નગરપાલિકા દ્વારા આખલાને પકડી સલામત સ્થળે ખસેડવાની માંગ

બોડેલી, રફાકત ખત્રી

બોડેલી શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા આખલાઓનો આતંક જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતા આખલાઓ વચ્ચે અવારનવાર લડાઈ થતાં રાહદારીઓ અને વાહનચાલકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

છેલ્લા માત્ર 15 કલાકના સમયગાળામાં આખલાએ ત્રણ લોકોને અડફેટે લેતા સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે. આખલાઓની અચાનક લડાઈ દરમિયાન રસ્તા પરથી પસાર થતા લોકો અને વાહનચાલકો જોખમમાં મુકાઈ રહ્યા છે. ખાસ કરીને બજાર વિસ્તાર તથા રહેણાંક વિસ્તારોમાં બાળકો, વૃદ્ધો અને દ્વિચક્રી વાહનચાલકો માટે



સ્થિતિ ચિંતાજનક બની છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ રખડતા આખલાઓ રસ્તા પર જ અડ્ડો જમાવી દેતા હોવાથી ટ્રાફિકને પણ અસર થઈ રહી છે. બે આખલાઓ વચ્ચે લડાઈ શરૂ થતાં લોકો જીવ બચાવવા દોડતા હોવાના બનાવો સામે આવી રહ્યા છે.સ્થાનિકો દ્વારા શહેરમાં રખડતા ઢોરની સમસ્યા અંગે નિયમિત કાર્યવાહી કરવા તેમજ જાહેર માર્ગો પર પશુઓ ન રહે તે માટે અસરકારક વ્યવસ્થા ગોઠવવાની માંગ કરવામાં આવી છે.

## તંત્રી લેખ...

# નંબર 1ની શરમજનક સિદ્ધિ! ટોલ વસૂલીમાં 'સુપરફાસ્ટ' પણ રસ્તા આપવાના નામે 'સુપડા સાફ': ખરાબ નેશનલ હાઈવેમાં ગુજરાત દેશભરમાં પ્રથમે!


જે ગુજરાતને 'વિકાસ મોડેલ' અને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું હોર્ડિંગ બનાવીને રજૂ કરવામાં આવે છે, તે જ ગુજરાતના નેશનલ હાઈવેની વરવી વાસ્તવિકતા સામે આવતાં સમગ્ર રાજ્યમાં ભારે ચર્ચા જાગી છે. કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલા સત્તાવાર આંકડા અનુસાર, દેશમાં સૌથી વધુ ખરાબ, બિસ્માર અને ભયાનક નેશનલ હાઈવે ધરાવતા રાજ્યોની યાદીમાં ગુજરાત નંબર-૧ પર આવી ગયું છે!

અંતરિયાળ ગામડાંના રસ્તા તો ઠીક, પરંતુ દેશના આર્થિક ધબકારા સમાન રાષ્ટ્રીય રાજમાર્ગોની આ દશા જોઈને વાહનચાલકો અને સામાન્ય જનતામાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે.

### 12 ગણો કમરતોડ વધારો: 32 કિ.મી. થી સીધો 408 કિ.મી. નો 'બિસ્માર' કૂદકો!

સરકારી આંકડાઓ જ તંત્રની ઘોર નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારની પોલ ખોલી રહ્યા છે. હાઈવેના સમારકામ અને ગુણવત્તાના નામે કરોડો રૂપિયાના ટેન્ડરો મંજૂર થાય છે, છતાં નેશનલ હાઈવેની સ્થિતિ સુધરવાને બદલે દિન-પ્રતિદિન વધુ ભયાનક બની રહી છે.

કેન્દ્રીય મંત્રાલયના ડેટા મુજબ:




વર્ષ ૨૦૨૩-૨૪ માં: ગુજરાતમાં માત્ર ૩૨ કિ.મી. હાઈવે ખરાબ હોવાનું નોંધાયું હતું.

વર્ષ ૨૦૨૪-૨૫ માં: આ આંકડો વધીને ૨૧૦ કિ.મી. પર પહોંચ્યો.

વર્ષ ૨૦૨૫-૨૬ માં: આંકડો કુદકે ને ભૂસકે વધીને ૪૦૮ કિ. મી. ની ભયજનક સપાટીએ પહોંચી ગયો છે!

માત્ર બે જ વર્ષમાં ખરાબ રસ્તાઓની લંબાઈમાં ૧૨ ગણાથી પણ વધુનો વધારો થવો એ સાબિત કરે છે કે રોડ બનાવવાના અને જાળવણીના કામોમાં કેવી કક્ષાનો લોટ પાણીને લાકડા વહીવટ ચાલી રહ્યો છે!

### 'ટોલ ટેક્સ' રોકડો, પણ રોડના નામે ખડકાડા અને કમરતોડ ખાડા!

ગુજરાતના હાઈવે પરથી પસાર થતી વખતે વાહનચાલકના ખિસ્સામાંથી ટોલ પ્લાઝા પર એક-એક રૂપિયો વસૂલી લેવામાં આવે છે. ફાસ્ટેગ (FASTag) માંથી સેકન્ડોમાં પૈસા કપાઈ જાય છે, પરંતુ તેના બદલામાં વાહનચાલકને શું મળે છે?

મૃત્યુના કૂવા જેવા ખાડા: અમદાવાદ-મુંબઈ (NH-48), સુરત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને જોડતા રાષ્ટ્રીય રાજમાર્ગો પર ગમે ત્યાં પડતા મસમોટા ખાડા અકસ્માતને ખુલ્લું આમંત્રણ આપે છે.

વાહનોનો કચ્ચરઘાણ: બિસ્માર રસ્તાઓને કારણે રોજેરોજ ગાડીઓના સસ્પેન્શન, ટાયર અને એન્જિન બદલવાનો વારો વાહનચાલકોને આવે છે.

ટ્રાફિક અને સમયનો બગાડ: કલાકો સુધી હાઈવે પર બિસ્માર રસ્તા અને સમારકામની ધીમી ગતિને કારણે કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ સર્જાય છે.

સ્વાસ્થ્ય સાથે રમત: સતત ઝાટકા ખાવાથી વાહનચાલકો અને મુસાફરો કમર તથા કરોડરજ્જુના રોગોનો ભોગ બની રહ્યા છે.

વાહનચાલકોનો એક જ સવાલ: જો રસ્તા પર ખાડા જ તારવવાના હોય અને જીવ જોખમમાં મૂકીને જ વાહન ચલાવવું હોય, તો કરોડો રૂપિયાનો ટોલ ટેક્સ કયા હક્કથી વસૂલવામાં આવે છે?

### કોન્ટ્રાક્ટરોની મિલીભગત અને તંત્રની લાલિયાવાડી

હાઈવે બનાવતા અને તેનું મેન્ટેનન્સ કરતા કોન્ટ્રાક્ટરો સાથે અધિકારીઓની મિલીભગત એટલી ઘેરી છે કે પ્રથમ વરસાદમાં જ કરોડોના ખર્ચે બનેલા રોડ ધોવાઈ જાય છે.

૧. હલકી ગુણવત્તાનું મટીરીયલ: રોડ બનાવતી વખતે ડામર અને સિમેન્ટના સાચા ધોરણો જાળવવામાં આવતા નથી.

૨. પેચવર્કના નામે નાટક: ખાડા પૂરવાના નામે માત્ર માટી અને હલકો ડામર પાથરીને કરોડો રૂપિયાના બિલ પાસ કરાવી લેવાય છે, જે બે દિવસમાં જ ફરી ઉખડી જાય છે.

૩. બ્લેકલિસ્ટિંગનો અભાવ: કાગળ પર ગમે તેટલા દાવા થાય, પરંતુ નબળું કામ કરનારા કોઈ મોટા કોન્ટ્રાક્ટર સામે દાખલારૂપ જેલવાસ કે બ્લેકલિસ્ટિંગની કાર્યવાહી થતી નથી.

પાક્કો ગુજરાતનો સણસણતો પ્રશ્ન: ગાંધીનગર અને દિલ્હીનું તંત્ર ક્યારે જાગશે?

આ આંકડા કોઈ વિપક્ષના આક્ષેપો નથી, પરંતુ સ્વયં કેન્દ્ર સરકારના મંત્રાલય દ્વારા જાહેર કરાયેલું સત્ય છે.

શું ગુજરાત સરકાર અને NHAI માત્ર ટોલના કલેક્શન આંકડા જોઈને જ ખુશ થતા રહેશે?

૪૦૮ કિ.મી. ના બિસ્માર હાઈવે પર રોજેરોજ જીવના જોખમે મુસાફરી કરતા પ્રજાજનોના અકસ્માત અને મોતની જવાબદારી કોની?

શું નાણાં મંત્રી અને રોડ-મકાન મંત્રી આ સ્થિતિની ગંભીર નોંધ લઈને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની હિંમત બતાવશે?

### 'પાક્કો ગુજરાત' રાજ્ય સરકાર અને કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયને સ્પષ્ટ શબ્દોમાં અપીલ કરે છે કે:

૧. ખરાબ નેશનલ હાઈવેનું યુદ્ધના ધોરણે ગુણવત્તાસભર રી-સરફેસિંગ કરવામાં આવે.

૨. જ્યાં સુધી રસ્તો બિસ્માર રહે, ત્યાં સુધી તે સ્ટ્રેચ પરનો ટોલ ટેક્સ તાત્કાલિક અસરથી નાબૂદ/અડધો કરવામાં આવે.

૩. નબળું કામ કરનારા કોન્ટ્રાક્ટરો અને તેના પર સહી કરનારા એન્જિનિયરો સામે સીધી FIR નોંધવામાં આવે.

જો આ મુદ્દે તાત્કાલિક ધોરણે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો પ્રજાનો આક્રોશ આગામી સમયમાં રસ્તા પર ઉતરી આવશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

---

શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય – 10 (વિભૂતિ યોગ)

# સફળતા, પ્રતિભા અને કૃતજ્ઞતા: હું કરું છું થી મારા દ્વારા થઈ રહ્યું છે સુધીની યાત્રા

કણ-કણમાં કૃષ્ણની ઝલક જ્યારે સફળતાની પાછળ છુપાયેલી દિવ્ય શક્તિ ઓળખાય!

જગતમાં જે કંઈ શ્રેષ્ઠ, સુંદર, શક્તિશાળી અને અદ્ભુત છે તેમાં પરમાત્માની જ એક ઝલક રહેલી છે.

ગીતાના અધ્યાય ૯ માં આપણે જોયું કે ભગવાન સુધી પહોંચવા માટે ધન, દેખાવ કે મોટી પાત્રતાની જરૂર નથી; જરૂરી છે તો માત્ર શુદ્ધ ભાવ અને અનન્ય શરણાગતિ.

હવે અર્જુનના મનમાં એક નવો જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન ઊભો થાય છે.

'હે કૃષ્ણ! જો તું ખરેખર આખા બ્રહ્માંડમાં વ્યાપ્ત છે, તો હું તને ઓળખું કેવી રીતે? આ સંસારના પદાર્થો, ઘટનાઓ અને રોજિંદા જીવનમાં તારી હાજરી મને ક્યાં-ક્યાં જોવા મળશે?



અર્જુનની આ જિજ્ઞાસાના જવાબમાં શ્રીકૃષ્ણ પોતાની દિવ્ય ક્ષમતાઓનો પટારો ખોલે છે. આ અધ્યાયનું નામ છે "વિભૂતિ યોગ", અર્થાત્ પરમાત્માની અસાધારણ મહિમા અને દિવ્ય શક્તિઓને ઓળખવાનો સુભગ સમન્વય.

વિભૂતિ એટલે શું? ઈશ્વરનું 'GPS Location'

'વિભૂતિ'નો સરળ અર્થ છે અસાધારણ મહિમા, દિવ્ય શક્તિ અથવા એવું ઉત્કૃષ્ટ સામર્થ્ય જે કોઈપણ ક્ષેત્રની ટોચની શ્રેષ્ઠતા માં છુપાયેલું હોય.

આજના ડિજિટલ યુગમાં જેમ આપણે અજાણ્યા શહેરમાં લોકેશન શોધવા GPS નો ઉપયોગ કરીએ છીએ, તેમ કૃષ્ણ આપણને આ જગતમાં ઈશ્વરને શોધવાનું આત્મિક GPS આપે છે.

જે જે પણ પ્રભાવશાળી, કાંતિમાન અને શક્તિશાળી વસ્તુ કે ગુણ છે, તે બધી તું મારા જ તેજના અંશમાંથી ઉત્પન્ન થયેલી સમજ.

જેમ સ્માર્ટફોનમાં અનેક એપ્લિકેશન્સ ચાલતી હોય પણ પાછળ આખી સિસ્ટમને પાવર આપતી બેટરી એક જ હોય છે, તેમ આપણા જીવનમાં અદભુત બુદ્ધિ, સંગીતમાં અદ્વિતીયતા, સાહસ કે સેવા જેવા ગુણો દેખાય છે એ બધાની પાછળ રહેલો મૂળ 'Power-Source' પરમાત્મા જ છે.

"હું કરું છું"માંથી "મારા દ્વારા થઈ રહ્યું છે" સુધી

આ અધ્યાયનો સૌથી મોટો આધ્યાત્મિક પાઠ છે સફળતા મળે ત્યારે અહંકાર ન કરવો અને નિષ્ફળતા મળે ત્યારે સંપૂર્ણ રીતે તૂટી ન જવું.

એક ખેલાડી જ્યારે મેદાનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે છે, ત્યારે તેની પાછળ તેની કઠોર મહેનત, કોચનું માર્ગદર્શન, પરિવારનો સપોર્ટ, શરીરની ક્ષમતા અને તક રહેલી હોય છે.

જો સફળતા પછી ખેલાડી કહે કે "આ બધું માત્ર મેં જ કર્યું", તો અહંકાર જન્મે છે.

પરંતુ જો તે કહે કે "મેં મારી સંપૂર્ણ મહેનત કરી; મને મળેલી શક્તિ અને તક માટે હું ઈશ્વરનો કૃતજ્ઞ છું", તો એ રમતોત્સવ સાધના બની જાય છે.

સફળતા અહંકારનું કારણ બને ત્યારે માણસ ઊંચો દેખાય છે, પરંતુ કૃતજ્ઞતા આવે ત્યારે માણસ ખરેખર ઊંચો બને છે.

જગતના 'Best Performance' પાછળની દિવ્ય ઊર્જા

શ્રીકૃષ્ણ કહે છે

'અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે' (હું સર્વનો સ્ત્રોત છું). તેઓ પોતાની વિભૂતિઓ ગણાવતાં કહે છે કે દરેક ક્ષેત્રમાં જે શ્રેષ્ઠ છે, તે હું જ છું. સૂર્યમાં પ્રકાશ, નક્ષત્રોમાં ચંદ્ર, સ્થાવર વસ્તુઓમાં હિમાલય અને નદીઓમાં પવિત્ર ગંગાજી.

વેદોમાં સામવેદ, દેવોમાં ઈન્દ્ર અને શબ્દોમાં એક અક્ષર 'ઓમ્'. છું.

વૃક્ષોમાં પવિત્ર પીપળો અને ઘોડાઓમાં શ્રેષ્ઠ ઉચ્ચૈઃશ્રવા.

'હું શસ્ત્રધારીઓમાં ભગવાન શ્રીરામ છું અને પાંડવોમાં ધનુર્ધર અર્જુન છું.

'હું વિજેતાઓની વિજય-નીતિ છું.'

જ્યારે ખેલાડી પોતાની પ્રતિભાને ઈશ્વરીય ભેટ માને છે, ત્યારે મેડલ માત્ર ગળાનું ઘરેણું નથી રહેતું પણ હૃદયને નમ્ર બનાવે છે.

મેડલ ગળામાં પહેરાય છે, પરંતુ સાચી જીત તો ત્યારે થાય છે જ્યારે જીત પછી પણ માથું નમેલું રહે.

આજના યુગમાં અને શિક્ષણમાં 'વિભૂતિ યોગ'

સોશિયલ મીડિયા પર કોઈ મહાન ખેલાડી, વૈજ્ઞાનિક કે કલાકારને જોઈને ઈર્ષ્યા કરવાને બદલે એમનામાં રહેલી 'વિભૂતિ' માંથી પ્રેરણા લેવી જોઈએ.

દરેક બાળકની અંદર અલગ ક્ષમતા હોય છે કોઈ અભ્યાસમાં, કોઈ રમતમાં, તો કોઈ કળામાં ઉત્તમ હોય છે. સાચા શિક્ષકનું કામ માત્ર માર્કશીટ બનાવવાનું નથી, પણ બાળકમાં છુપાયેલી વિભૂતિને ઓળખવાનું છે.

સારો શિક્ષક બાળકને શું નથી આવડતું તે નથી શોધતો; તે બાળકમાં શું અદ્ભુત છે તે શોધે છે.

અધ્યાયના અંતમાં કૃષ્ણ એક અદભુત વાત કહે છે

હે અર્જુન! આ બધું વિસ્તારથી જાણવાની તારે શું જરૂર છે? હું તો મારા એક જ અંશથી આ આખા બ્રહ્માંડને ધારણ કરીને સ્થિત છું!

આખું બ્રહ્માંડ, કરોડો ગેલેક્સીઓ અને પૃથ્વી પરનું જીવન ઈશ્વરની અનંત શક્તિના માત્ર એક નાના અંશ પર ચાલે છે!

એટલે ઈર્ષ્યા છોડો, પ્રેરણા લો બીજાની સફળતા જોઈને બળો નહીં, પણ તેમનામાં રહેલા ઈશ્વરીય ગુણને નમન કરો. પ્રતિભા અહંકાર પતન ની જગ્યાએ પ્રતિભા કૃતજ્ઞતા સેવા ઉન્નતિ નો માર્ગ પસંદ કરો.

આપડે ભગવાનને ક્યાં શોધવા? તો ભૂખ્યાને ભોજન આપવામાં કરુણા છે, નિરાશ ખેલાડીને કહેવામાં આવે...ફરી પ્રયત્ન કર.. તું કરી શકે છે.કહેવામાં આશા છે ત્યાં જ પરમાત્માની વિભૂતિ છે.

જ્યારે પોતાની પ્રતિભા માટે અહંકાર નહીં પણ કૃતજ્ઞતા આવે, ત્યારે વિભૂતિ યોગ માત્ર વાંચવાનો અધ્યાય નથી રહેતો; તે જીવન જીવવાની દિવ્ય દૃષ્ટિ બની જાય છે.

ક્રમશઃ...

આગામી અધ્યાય ૧૧ વિશ્વરૂપ દર્શન યોગ માં આપણે જાણીશું

"જો આખું બ્રહ્માંડ જ કૃષ્ણની વિભૂતિ છે, તો અર્જુનને જ્યારે શ્રીકૃષ્ણે પોતાનું વિરાટ વિશ્વરૂપ બતાવ્યું ત્યારે તેણે શું જોયું? અને એ દર્શને અર્જુનનું સમગ્ર જીવનદર્શન કેવી રીતે બદલી નાખ્યું?"

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

---

# ઈસરો (ISRO)માં વૈજ્ઞાનિકની શાનદાર કારકિર્દી છોડી દેશસેવા કાજે UPSC પાસ કરનાર PMOના આયર્ન લેડી: જાણો PM મોદીના પ્રાઈવેટ સેક્રેટરી નિધિ તિવારીની પ્રેરણાદાયી સફર!

સામાન્ય રીતે લોકો એકવાર સરકારી કે વિજ્ઞાન ક્ષેત્રે સલામત અને પ્રતિષ્ઠિત નોકરી મેળવી લે, પછી કમ્ફર્ટ ઝોનમાં સેટ થઈ જતા હોય છે. પરંતુ જ્યારે દિલમાં દેશ માટે કંઈક મોટું અને પ્રભાવશાળી કરવાની તમન્ના હોય, ત્યારે સુરક્ષિત કરિયરને દાવ પર લગાવીને પણ નવા શિખરો સર કરી શકાય છે. આવી જ એક અદ્ભુત અને દરેક ભારતીય યુવાને પ્રેરણા આપે તેવી વાર્તા છે આઈએએસ (IAS) નિધિ તિવારીની.



ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પર્સનલ સ્ટાફમાં સ્થાન મેળવવું એ કોઈ નાના સુના કામ નથી. અત્યંત સખત શિસ્ત, ચોક્કસાઈ અને અસાધારણ ક્ષમતા ધરાવતા અધિકારીઓને જ વડાપ્રધાન કાર્યાલય (PMO) માં જવાબદારી સોંપવામાં આવે છે. આજે PM મોદીના પ્રાઈવેટ સેક્રેટરી (Private Secretary) તરીકે ફરજ બજાવતા નિધિ તિવારી કોણ છે અને તેમની સાયન્ટિસ્ટથી લઈને દેશના સૌથી પાવરફુલ ઓફિસ સુધીની સફર કેવી રહી, ચાલો વિસ્તારથી સમજીએ.

1. ISROમાં સાયન્ટિસ્ટ તરીકેની શરૂઆત

નિધિ તિવારી શરૂઆતથી જ અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી હતા. એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ, તેમની પસંદગી ભારતની સ્પેસ એજન્સી ISRO (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન) માં રોકેટ સાયન્ટિસ્ટ/રિચર્સ સાયન્ટિસ્ટ તરીકે થઈ હતી. દરેક યુવાનો માટે ISROમાં નોકરી કરવી એ એક સ્વપ્ન સમાન હોય છે. પરંતુ નિધિ તિવારી માટે આ માત્ર એક શરૂઆત હતી. સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે દેશનું નામ રોશન કરતી વખતે પણ તેમના મનમાં એક જ વાત ચાલતી હતી - 'નીતિ ઘડતર (Policy Making) અને દેશના સામાન્ય નાગરિકોના જીવનને સીધી અસર કરે તેવું કામ કરવું.'

2. સાયન્ટિસ્ટની નોકરી છોડી UPSC તરફ દોટ

ISRO જેવી પ્રતિષ્ઠિત સંસ્થાની સલામત નોકરી અને આરામદાયક જીવન છોડવું એ નાનો નિર્ણય નહોતો. પરંતુ દેશસેવાની ધગશ એટલી પ્રબળ હતી કે તેમણે રાજીનામું આપીને દેશની સૌથી અઘરી પરીક્ષા UPSC Civil Servicesની તૈયારી કરવાનો કઠિન નિર્ણય લીધો.

દિવસ-રાતની અથાક મહેનત, અચળ આત્મવિશ્વાસ અને સ્પષ્ટ વિઝનને કારણે તેમણે UPSC પરીક્ષા પ્રથમ પ્રયાસોમાં જ ઉત્કૃષ્ટ રેન્ક સાથે ક્રેક કરી બતાવી. સાયન્ટિફિક માઈન્ડસેટ હોવાને કારણે તેમની નિર્ણય લેવાની ક્ષમતા અને ડેટા એનાલિસિસ કરવાની આવડત ખૂબ જ સચોટ હતી, જે તેમને UPSC માં ખૂબ કામ આવી.

3. કલેક્ટરથી લઈને PMO સુધીનો આયરન રૂટ

IAS અધિકારી બન્યા બાદ તેમણે પ્રશાસનમાં વિવિધ પદો પર સેવા આપી. તેમણે જે પણ જિલ્લા કે વિભાગમાં કામ કર્યું, ત્યાં પોતાની અલગ છાપ છોડી:

ચોક્કસાઈ અને સ્પીડ: કોઈ પણ ફાઈલ કે પ્રોજેક્ટ અટક્યા વગર ઝડપથી પૂર્ણ થાય તે તેમની કાર્યશૈલી રહી છે.

ગ્રાઉન્ડ લેવલ વર્ક: કાગળ પરની યોજનાઓને જમીન પર સાચા અર્થમાં ઉતારવા માટે તેઓ જાણીતા બન્યા.

તેમની આ જ પ્રામાણિકતા, સમયપાલન અને વહીવટી કુશળતા જોઈને તેમની પસંદગી ડેપ્યુટેશન પર PMO (વડાપ્રધાન કાર્યાલય) માં કરવામાં આવી.

4. PM નરેન્દ્ર મોદીના પ્રાઈવેટ સેક્રેટરી તરીકેની મહત્ત્વની ભૂમિકા

PMOમાં વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવ્યા બાદ, તેમની ક્ષમતાને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રાઈવેટ સેક્રેટરી (Private Secretary) તરીકે તેમની નિયુક્તિ કરવામાં આવી.

PMOમાં તેમની મુખ્ય જવાબદારીઓ: વડાપ્રધાનના દૈનિક કાર્યક્રમો, બેઠકો અને મહત્વપૂર્ણ ફાઈલોનું સંચાલન કરવું. દેશ-વિદેશના મહત્વના પોલિસી પ્રોજેક્ટ્સ પર વિઝન રાખીને વડાપ્રધાનશ્રીને સચોટ બ્રીફિંગ આપવું. વિવિધ મંત્રાલયો વચ્ચે યોગ્ય સંકલન (Coordination) જાળવવું.

યુવાનો માટે પ્રેરણારૂપ સંદેશ નિધિ તિવારીની આ સફર સાબિત કરે છે કે જો તમારી પાસે સમર્પણ અને મહેનત કરવાની તૈયારી હોય, તો કોઈ પણ ધ્યેય અશક્ય નથી. સાયન્ટિસ્ટની સુરક્ષિત નોકરી છોડીને દેશના વહીવટી તંત્રના સર્વોચ્ચ શિખર સુધી પહોંચવું એ ભારતના કરોડો યુવાનો અને ખાસ કરીને મહિલાઓ માટે એક અદ્ભુત પ્રેરણાસ્રોત છે.

પાક્કો ગુજરાત નિધિ તિવારીના આ ઝળહળતા દેશપ્રેમ અને સફળતાને સલામ કરે છે!

---

# રાત્રિના અંધારામાં 'મિસ્ટ્રી કિલર': નાનકડા પુરાવા પરથી પોલીસે ઉકેલ્યો સુરતનો બહુચર્ચિત ટ્રિપલ મર્ડર કેસ!

ગુજરાતના ગુનાખોરીના ઈતિહાસમાં એવા કેસો બહુ ઓછા છે જેણે આખા રાજ્યને ધ્રુજાવી દીધું હોય. તેમાંથી એક એટલે સુરતના વરાછા અને કાપોદ્રા વિસ્તારમાં બનેલો અક્ષય અને તેના પરિવારનો ચર્ચિત ટ્રિપલ મર્ડર કેસ. એક જ પરિવારના ત્રણ લોકોની ઘાતકી હત્યા અને સ્થળ પરથી પુરાવાનો એક નાનો અંશ પણ ન મળવો! આ કેસે ગુજરાત પોલીસની ઊંઘ ઉડાડી દીધી હતી.

રહસ્યમય કતલખાનું: ઘરમાંથી મળી ત્રણ સડતી લાશો

સ્થળ હતું સુરતનું એક શાંત મકાન. પાડોશીઓને ઘરમાંથી અસહ્ય દુર્ગંધ આવતાં તેમણે પોલીસને જાણ કરી. જ્યારે પોલીસે દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને કાંપ ઊઠ્યા હતા. ઘરમાંથી પરિવારના ત્રણ મુખ્ય સભ્યોની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરાયેલી લાશો મળી આવી.

ઘરમાંથી કીમતી સામાન અને રોકડ ગાયબ હતા.

હત્યારાએ એટલી સફાઈથી ખેલ પાડ્યો હતો કે ઘરમાંથી કોઈ ફિંગરપ્રિન્ટ કે શંકાસ્પદ પુરાવો મળ્યો નહોતો.

આ ઘટના વાયુવેગે સમગ્ર ગુજરાતમાં પ્રસરી ગઈ. ન્યૂઝ ચેનલો અને અખબારોમાં આ જ ચર્ચા હતી કે–'કોણ છે આ અદ્રશ્ય કાતિલ?'




ખાખી વર્દીની કસોટી: ૧૦૦થી વધુ સીસીટીવી અને ૧૦,૦૦૦ કોલ ડિટેલ્સની તપાસ

ઘટનાની ગંભીરતા જોઈને સુરતના તત્કાલીન પોલીસ કમિશ્નર અજય કુમાર તોમર (IPS) અને સુરત ક્રાઈમ બ્રાન્ચના જોઈન્ટ પોલીસ કમિશ્નર શરદ સિંઘલ (IPS) દ્વારા તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવવામાં આવી. કેસની મુખ્ય તપાસ ક્રાઈમ બ્રાન્ચના તત્કાલીન પીઆઈ એ.ડી. પરમાર અને તેમની ટીમને સોંપાઈ. પોલીસે હત્યારા સુધી પહોંચવા માટે રાત-દિવસ જોયા વગર મહેનત શરૂ કરી: ૧૦૦થી વધુ CCTV ફૂટેજ: ક્રાઈમ સીનથી લઈને હાઈવે તરફ જતા તમામ રસ્તાઓના કલાકોના ફૂટેજ કાળજીપૂર્વક ખૂંદી વળ્યા.

૧૦,૦૦૦થી વધુ ડેટા ડમ્પ: તે વિસ્તારમાં એક્ટિવ તમામ મોબાઈલ ટાવર્સના ડેટાની બારીકાઈથી તપાસ કરાઈ.

સગાં-સંબંધીઓની પૂછપરછ: ૨૦૦થી વધુ શંકાસ્પદોની તીવ્ર પૂછપરછ કરવામાં આવી.

પરંતુ, દિવસો વીતતા ગયા અને પોલીસના હાથ ખાલી રહ્યા! હત્યારો કોઈ પ્રોફેશનલ ગુનેગાર હોય તેમ તમામ પુરાવા ભૂંસીને નાસી છૂટ્યો હતો.

નાનકડી ભૂલ અને પીઆઈ એ.ડી. પરમારની ટીમનો માસ્ટરસ્ટ્રોક!

પોલીસ જ્યારે કેસમાં મૂંઝવણમાં હતી ત્યારે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓની બારીક નજરે રહસ્યનો પર્દાફાશ કર્યો. દૂધની થેલીનું કનેક્શન: બનાવ વાળા દિવસે ઘરની બહાર પડેલી દૂધની થેલી પરના સમય અને નજીકની ડેરીના સીસીટીવી ફૂટેજ મેચ કરવામાં આવ્યા.

એક શંકાસ્પદ બાઈક: મધ્યરાત્રિએ ૨:૩૦ વાગ્યે એક શંકાસ્પદ બાઈક સવાર મોઢે રૂમાલ બાંધીને પસાર થતો દેખાયો.

ડિજિટલ ટ્રેકિંગ: પોલીસે તે બાઈકના નંબર પ્લેટ પરથી હાઈવે અને ટોલ નાકા સુધી સર્વેલન્સ ગોઠવ્યું. છેવટે મહારાષ્ટ્ર સરહદ નજીકથી શંકાસ્પદ શખ્સની અટકાયત કરવામાં આવી. તપાસ દરમિયાન જ્યારે આરોપીની કડક પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે જે ખુલાસો કર્યો તે સાંભળીને પોલીસ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ. લૂંટ અને જૂની અદાવતમાં આચરવામાં આવેલું આ ઘાતકી કૃત્ય હતું.

પાક્કો ગુજરાતની સલામ: કાયદાના હાથ લાંબા છે!

સુરતનો આ ટ્રિપલ મર્ડર કેસ સાબિત કરે છે કે શાતિરમાં શાતિર ગુનેગાર પણ ગમે એટલી સફાઈથી ગુનો કરે, પરંતુ તે કાયદાની નજરથી બચી શકતો નથી. તત્કાલીન સીપી અજય કુમાર તોમર, જેસીપી શરદ સિંઘલ અને પીઆઈ એ.ડી. પરમારની ટીમની અવિરત મહેનત અને ટેકનિકલ એનાલિસિસના જોરે આ અતિ-ચર્ચિત કેસનો ઉકેલ આવ્યો. ગુજરાત પોલીસની આ શક્તિ અને મહેનત સામે કોઈ ગુનેગાર બચી શકતો નથી.

'પાક્કો ગુજરાત' સતત જાગૃત રહીને આવી ખાખીની શૌર્યગાથાઓ અને સમાજના બનાવો આપ સુધી પહોંચાડતું રહેશે!

---

# ઇટાલીમાં મેલોની સરકાર સામે યુવાનોનો આક્રોશ

કોઈપણ દેશનું ભવિષ્ય તેના યુવાનોના હાથમાં હોય છે. જ્યારે એ જ યુવા પેઢી પોતાના ભવિષ્ય, રોજગારી અને સમાન તકો માટે રસ્તા પર ઉતરી આવે અથવા રાજકીય રીતે સરકારથી વિમુખ થવા લાગે, ત્યારે મોટામાં મોટા સત્તાધીશોના સિંહાસન ડોલવા લાગે છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં હાલમાં આવી જ સ્થિતિ જોવા મળી રહી છે, જ્યાં યુવા પેઢી સરકારની આર્થિક અને શૈક્ષણિક નીતિઓ સામે વિરોધ પ્રદર્શન કરી રહી છે. પહેલાં દિલ્હીના જંતરમંતર ખાતે અને હવે ઝારખંડમાં યુવાનો પોતાના હક માટે મોરચો માંડીને બેઠા છે. આ જ પ્રકારનો યુવા રોષ અને અસંતોષ હવે યુરોપના દેશ ઈટાલીમાં પણ ઉભરી રહ્યો છે. ત્યાં વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોની યુવા મતદારોમાં વધુ ને વધુ અપ્રિય બની રહ્યાં છે. તેમની સરકાર સામે યુવાનોનો વિરોધ ચિંતાજનક સ્તરે પહોંચી ગયો છે. ઈટાલીમાં મેલોની સરકાર સામે યુવા અસંતોષ ઈટાલીમાં 2027 ની રાષ્ટ્રીય ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોની માટે યુવા મતદારો મોટો પડકાર બની રહ્યા છે. ઓપિનિયન પોલ્સના આંકડા નીચે મુજબ છે. 35 વર્ષથી ઓછી વયના લોકોમાં મેલોની સરકારની મંજૂરી રેટિંગ (Approval Rating) ઘટીને માત્ર 25% રહી ગઈ છે. સમગ્ર વસ્તીમાં મેલોની સરકારની મંજૂરી રેટિંગ 35% છે.



### ઝાલોદ FCI ગોડાઉન ખાતે ચોખાના જથ્થાને લઈ વહીવટી તંત્ર એક્શન મોડમાં

# દાહોદથી ઝાલોદ આવતી ચોખાની ટ્રક અને રિક્ષાનો વીડિયો વાયરલ થતાં તપાસનો ધમધમાટ, CCTV તપાસથી હકીકત બહાર લાવવાની માંગ



ઝાલોદ | પંકજ પંડિત

ઝાલોદ એફ.સી.આઈ. ગોડાઉન ખાતે દાહોદથી ચોખાનો જથ્થો લઈને આવતી ટ્રકમાંથી ચોખાના કટ્ટા બારોબાર વેચાણ થયા હોવાની આશંકા ઊભી કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. મળતી માહિતી મુજબ, ગત તા. 12-08-2026, બુધવારની રાત્રિના સમયે દાહોદ FCI ગોડાઉનમાંથી ચોખાના કટ્ટા ભરીને ઝાલોદ FCI ગોડાઉન તરફ આવતી GJ-17-UU-2901 નંબરની ટ્રક બાંસવાડા બાયપાસ ચોકડી નજીક ઊભેલી જોવા મળી હતી. આ ટ્રકની આગળ અનાજના કટ્ટા ભરેલી એક રિક્ષા પણ ઊભેલી હોવાનો વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયોને પગલે ઝાલોદ FCI ગોડાઉન ખાતે પહોંચાડવાના સરકારી ચોખાના જથ્થામાંથી માલ રસ્તામાં જ બારોબાર વેચાયો હોવાની શંકા વ્યક્ત થતાં વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સૂત્રોના જણાવ્યા મુજબ, દાહોદથી ઝાલોદ FCI ગોડાઉન ખાતે આવતા ચોખાના જથ્થાની બિલ્ટી મુજબ ટ્રકનું વજન 24,250 કિલો દર્શાવવામાં આવ્યું હતું. જ્યારે ઝાલોદ FCI ગોડાઉન ખાતે પહોંચ્યા બાદ ટ્રકનું વજન કરવામાં આવતા તે 24,085 કિલો નોંધાયું હોવાનું જાણવા મળે છે. આમ, બંને વજન વચ્ચે આશરે 165 કિલોનો તફાવત જોવા મળ્યો હોવાનું ઝાલોદના નાયબ મામલતદાર ચિરાગ અમલીયાર દ્વારા જણાવાયું છે. આ અંગેનો રિપોર્ટ તૈયાર કરી દાહોદ ખાતે મોકલી આપવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળે છે. બીજી તરફ, નગરજનોમાં આ સમગ્ર મામલે અનેક ચર્ચાઓ ચાલી રહી છે. વાયરલ થયેલા વીડિયોમાં રિક્ષામાં જે કટ્ટાનો જથ્થો જોવા મળતો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જો ખરેખર સરકારી જથ્થો ગોડાઉન સુધી પહોંચાડવાના બદલે રસ્તામાંથી જ બારોબાર વેચાયો હોય તો આ ગંભીર બાબત બની શકે છે. જોકે, માત્ર વાયરલ વીડિયો કે ચર્ચાના આધારે કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચવું યોગ્ય નથી. વાયરલ વીડિયોની સત્યતા, ટ્રકની સમગ્ર રૂટની CCTV ફૂટેજ, બાયપાસ ચોકડી આસપાસના કેમેરા તેમજ FCI ગોડાઉનના પ્રવેશ-બહારના CCTV રેકોર્ડિંગની તપાસ કરવામાં આવે તો સમગ્ર હકીકત સ્પષ્ટ થઈ શકે છે.

# પોરબંદરની કાજલ વાઘેલાને જયદીપસિંહ સિનિયર એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું

### ‘શક્તિદૂત 2.0’ના પ્રારંભ પ્રસંગે શૂટિંગ સ્પોર્ટ્સ ક્ષેત્રે 15 વર્ષના યોગદાનની થઇ કદર

ગોસા(ઘેડ), વિરમભાઇ કે. આગઠ



‘રમશે ગુજરાત, જીતશે ગુજરાત’ના સંકલ્પને સાકાર કરવા માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ‘શક્તિદૂત 2.0’ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓનું તેમની ઉત્કૃષ્ટ રમતગમત સિદ્ધિઓ બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારોહ દરમિયાન પોરબંદરના શૂટિંગ સ્પોર્ટ્સ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર શ્રીમતી કાજલ પરેશ વાઘેલાને પ્રતિષ્ઠિત જયદીપસિંહ સિનિયર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને મોમેન્ટો, પ્રમાણપત્ર, બ્લેઝર મટીરીયલ તેમજ રૂ. 20,000નો રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો.

ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતો આ એવોર્ડ રમતવીરોની વર્ષોની મહેનત, સમર્પણ, સંઘર્ષ અને ક્યારેય હાર ન માનવાની ભાવનાનું સન્માન છે.

કાજલ વાઘેલા છેલ્લા 15 વર્ષથી શૂટિંગ સ્પોર્ટ્સ સાથે જોડાયેલા છે. તેમણે જુનિયર કક્ષાના ખેલાડીઓને શૂટિંગ સ્પોર્ટ્સ અંગે તાલીમ અને માર્ગદર્શન આપી રમતગમત ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

### મહેસૂલી તલાટીઓ કામગીરી ન સંભાળતા અરજદારો મુશ્કેલીમાં

# કદવાલ તાલુકા સરપંચ સંઘે વૈકલ્પિક વ્યવસ્થાની માંગ કરી

કદવાલ, ઈરફાન મકરાણી

ગ્રામ પંચાયત વિભાગના તલાટી કમ મંત્રીઓ હડતાળ પર હોવાના કારણે તાલુકામાં રોજબરોજની અરજીઓ, વિવિધ દાખલા-પ્રમાણપત્રો, પેઢીનામા સહિતની મહત્ત્વપૂર્ણ પ્રજાલક્ષી કામગીરી ખોરવાઈ રહી હોવાનો આક્ષેપ કદવાલ તાલુકા સરપંચ સંઘ દ્વારા કરવામાં આવ્યો છે.

સરપંચ સંઘ દ્વારા કદવાલ મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી છે કે પંચાયત તલાટીઓની હડતાળ દરમિયાન મહેસૂલી તલાટીઓને વધારાની કામગીરી સોંપવા માટે પ્રાંત અધિકારી દ્વારા તા. 01/08/2026ના રોજ પરિપત્ર ક્રમાંક મહેસૂમ/વશી/695/2026 બહાર પાડવામાં આવ્યો હતો. તેમ છતાં મહેસૂલી




તલાટીઓએ તેમને સોંપવામાં આવેલી સેજામાં જઈ કામગીરી સંભાળી ન હોવાની રજૂઆત કરવામાં આવી છે.

કામગીરી અટકી જવાના કારણે ખાસ કરીને વિદ્યાર્થીઓને શિક્ષણ સંબંધિત જરૂરી દાખલા અને પ્રમાણપત્રો મેળવવામાં મુશ્કેલી પડી રહી છે, જેના કારણે તેમના ભવિષ્યને અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. કદવાલ તાલુકા સરપંચ સંઘે મામલતદારને માંગ કરી છે કે સમગ્ર બાબતે તાત્કાલિક ઘટતી કાર્યવાહી કરવામાં આવે અને હડતાળનો પ્રશ્ન ઉકેલાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી અરજદારોની અટકેલી કામગીરી ઝડપથી શરૂ કરવામાં આવે. રજૂઆતની નકલ છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ એમ. રાઠવા તેમજ છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવાને પણ મોકલવામાં આવી છે. સરપંચ સંઘે જણાવ્યું છે કે પ્રજાને હાલાકીમાંથી રાહત મળે અને વિદ્યાર્થીઓ સહિત તમામ અરજદારોની અટકેલી કામગીરીનો તાત્કાલિક નિકાલ થાય તે માટે તંત્ર દ્વારા ઝડપથી નિર્ણય લેવો જરૂરી છે.

# સાધલીથી ઉતરાજ રેલવે ફાટક અને મીઢોળ થી સાધલી રેલવે ફાટક પાસે રસ્તાની બાજુમાં જીવલેણ ભુવા પડ્યા

સાધલી, હસમુખ પટેલ

સાધલી થી ઉતરાજ જતાં રેલવે ફાટકની નજીક ડાબી તરફ માર્ગ મકાન રસ્તા ની નીચે મોટું પોલાણ થયું છે ,અને રોડ પણ ધોવાયો છે, મેઈન રોડ નીચેની આ જગ્યા નો ભુવો જીવલેણ બની શકે તેમ છે, કોઈનો ભોગ લેવાય તે પહેલા રેલ્વે વિભાગ,ગ્રામ પંચાયત અને રાજ્ય માર્ગ મકાન વિભાગ તાત્કાલિક આ વિશાળ ભુવાનું પુરાણ કરી વાહન અકસ્માત કે કોઈની જાનહાનિ થતી બચાવે એવી માંગ છે. આ જગ્યાએ આવેલ ટેલીફોન તંત્રનો થાંભલો આ ભુવાના કારણે પડી ગયેલ છે.

આ જ રીતે શિનોર અને મીઠોળ તરફથી સાધલી આવતા રેલવે ફાટક ની ડાબી બાજુમાં જ ગ્રામ પંચાયતની પાઈપો વાળી ગટર



લાઈનનો ઊંડો ખાડો પડી ગયેલ છે. અને ફાટક ક્રોસ કરતા ની સાથે જ ડાબી સાઈડ એ આ વિશાળ ખાડામાં ઊગી નીકળેલ ઝાડી ના કારણે આ ખાડો દેખાતો નથી, જેથી જાનહાની તથા વાહન અકસ્માતની સંભાવના વધી ગયેલ છે. અગાઉ આ ખાડામાં પડી ગયેલ એક ભેંસને કાઢવામાં ઘણી જ મહેનત પડી હતી. આ વિશાળ ખાડાની સામે જ રહેણાંક વિસ્તાર આવેલો છે. અને બાજુમાં પીએમ શ્રી પ્રાથમિક શાળા આવેલ છે.

ઉપર દર્શાવેલ બંને રસ્તાઓ રાજ્ય સરકાર હસ્તકના સ્ટેટ હાઈવે છે. અને આ રસ્તા ઉપરથી કરજણ-શિનોર ના એક્ટિવ ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ ઉપરાંત ભાજપા ના તમામ આગેવાનો આવે છે અને જાય છે. તેવી જ રીતના તાલુકા ભાજપના પ્રમુખ સંકેત પટેલના ફાર્મ પર જવા માટે પણ સાધલી-દિવેર આજ રસ્તાનો ઉપયોગ થાય છે. સાથો સાથ શિનોર મુકામે આવેલ વિવિધ કચેરીઓમાં જવા માટે પણ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ આ રસ્તા ઉપર થી આવે છે, પરંતુ તેઓના ધ્યાને આ જીવલેણ ખાડાઓ કેમ દેખાતા નથી, એ મોટો પ્રશ્ન છે. રાજ્ય માર્ગ મકાન વિભાગ , રેલવે વિભાગ હોય કે ગ્રામ પંચાયત આ જીવલેણ રસ્તા ઉપરના ખાડાઓ કોઈનો ભોગ લે તે પહેલાં આનો કાયમી ઉકેલ લાવે એવી લોકોની માંગ છે. આ ત્રણેય કચેરીઓ અને સંસ્થાઓ એકબીજા ઉપર ખો આપવાના બદલે સંયુક્ત રીતે ભેગા થઈને આનો ઉકેલ લાવે એ લોકહિતમાં જરૂરી છે.

# યાત્રાધામ ચાણોદના સુપ્રસિદ્ધ મલ્હારરાવ ઘાટ પર કાંપનું સામ્રાજ્ય!

### શ્રદ્ધાળુઓની આસ્થા પર તંત્રની બેદરકારીનું ગ્રહણ

ડભોઈ

દક્ષિણ પ્રયાગરાજ તરીકે પૂજાતા પવિત્ર યાત્રાધામ ચાણોદથી એક મોટી અને ચિંતાજનક ખબર સામે આવી રહી છે. ચાણોદના વિશ્વપ્રસિદ્ધ મલ્હારરાવ ઘાટ પર નર્મદા અને ઓરસંગ નદીના પૂરના પાણી ઓસરતાની સાથે જ ચારેય તરફ કાદવ-કીચડ અને કાંપના મોટા મોટા થર જામી ગયા છે. દૂર-દૂરથી પિતૃ તર્પણ, નારાયણ બલી અને પવિત્ર સ્નાન અ ર્થે આવતા હજારો શ્રદ્ધા ળુઓ હાલ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. હાલમાં પડી રહેલા વરસાદી ઝાપટાંના કારણે ઘાટ પર પથરાયેલો કાંપ વધુ ચીકણો બની ગયો છે. સ્નાન કરવા માટે નદી તરફ ઉતરતા વૃદ્ધો, મહિલાઓ અને બાળકો લપસી પડવાનો ગંભીર ભય સતાવી ર હ્યો છે. આસ્થાના આ ધામમાં પુણ્યનું ભાથું બાંધવા આવતા માઈભક્તો હાલ ગંદકી અને દુર્ગંધ વચ્ચે સ્નાન કરવા મજબૂર બન્યા છે. પૂરના પાણી ઓસર્યાને દિવસો વિતી ગયા છતાં સ્થાનિક પ્રશાસન કે



સંબંધિત વિભાગ દ્વારા ઘાટની સફાઈ પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી. જેના કારણે લોકરોષ ચરમસીમાએ પહોંચ્યો છે. ‘મલ્હારરાવ ઘાટ એ ચાણોદની ઓળખ છે. તંત્ર દ્વારા કોઈ મોટો અકસ્માત સર્જાય તે પહેલાં સત્વરે જેસીબી અને વોટર પંપ મૂકીને સ્નાન ઘાટ પરથી કાંપ દૂર કરવામાં આવે અને શ્રદ્ધાળુઓ માટે સુરક્ષિત સ્નાનની વ્યવસ્થા કરવામાં આવે.‘

### લાયસન્સ વગર ચાલતી દુકાનો સામે કાયમી કાર્યવાહી કરવાની પણ માંગ

# શ્રાવણ માસ દરમિયાન ઝાલોદમાં કતલખાના અને મટનશોપ બંધ કરાવવા વિશ્વ હિન્દુ પરિષદની રજૂઆત

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરમાં પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે ગેરકાયદેસર રીતે ચાલતા કતલખાના તથા નોનવેજના વેચાણને બંધ કરાવવા બાબતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ઝાલોદ મામલતદાર કચેરી ખાતે લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રજૂઆતમાં જણાવાયું હતું કે ઝાલોદ નગરના જાહેર રસ્તાઓ પર મોટી સંખ્યામાં મટનશોપ તથા કતલખાના આવેલા છે. આ તમામ દુકાનદારો સરકારના નિયમો મુજબ જરૂરી



લાયસન્સ ધરાવે છે કે નહીં તેની તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. જો કોઈ દુકાનદાર જરૂરી લાયસન્સ વગર ધંધો કરતો હોવાનું જણાય તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી દુકાન કાયમી ધોરણે બંધ કરાવવા પણ માંગ કરવામાં આવી છે.

હાલ હિન્દુ સમાજનો પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો હોવાથી સમગ્ર શ્રાવણ માસ દરમિયાન મટનશોપ તથા કતલખાના સંપૂર્ણપણે બંધ રાખવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું હતું કે ભૂતકાળમાં પોલીસ તંત્ર દ્વારા કેટલાક કતલખાના પર રેડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવા છતાં ફરીથી આવી પ્રવૃત્તિઓ જોવા મળી રહી છે અને નગરમાં મટનશોપ તથા કતલખાનાઓની સંખ્યા વધતી જતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વિશ્વ હિન્દુ પરિષદે ઝાલોદના ગીતા મંદિર, રામદ્વારા મંદિર, મઠ ફળિયામાં આવેલા કાલકા માતા મંદિર, રાધેકૃષ્ણ મંદિર સહિતના ધાર્મિક સ્થળોએ દર્શન કરવા જતા લોકોને મટનશોપ તથા કતલખાના પાસેથી પસાર થવું પડતું હોવાનો મુદ્દો પણ રજૂઆતમાં ઉઠાવ્યો હતો.

# ભરૂચમાં અષાઢ વદ અમાસે મેઘરાજાની પ્રતિમા સ્થાપિત કરાઈ: વર્ષો જૂની પરંપરા મુજબ એક જ રાતમાં પ્રતિમા તૈયાર કરાઈ

ભરૂચ, રંગુની જાકીર



ભરૂચમાં મેઘરાજાની સ્થાપના અને વિસર્જનનો અનોખો ઉત્સવ ઉજવાય છે. આ પરંપરા માત્ર ભરૂચ પૂરતી સીમિત હોવાનું મનાય છે, જેમાં ગુજરાત સહિત દેશભરના શ્રદ્ધાળુઓ આસ્થાપૂર્વક જોડાય છે.

આ મેઘમેળાની શરૂઆત આશરે 250 વર્ષ પૂર્વે છપ્પનિયા દુકાળના સમયમાં થઈ હોવાનું મનાય છે. તે સમયે ભરૂચ પંથકમાં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાતા, નર્મદા નદી અને જળમાર્ગ સાથે સંકળાયેલા ભોઈ સમાજે વરસાદ માટે મેઘરાજાની સ્થાપના કરી પૂજા-અર્ચના કરી હતી. લોકવાયકા અનુસાર, અનેક દિવસોની પ્રાર્થના છતાં વરસાદ ન આવતા મેઘરાજાની પ્રતિમાનું વિસર્જન કરવાનો નિર્ણય લેવાયો હતો. જોકે, વિસર્જન થાય તે પહેલાં જ વરસાદ શરૂ થયો હતો. ત્યારથી મેઘરાજાની સ્થાપના કરી, તેમનું આતિથ્ય માણી અને ત્યારબાદ વિસર્જન કરવાની પરંપરા જળવાઈ રહી છે. અષાઢ વદ અમાસ, જેને દિવાસા તરીકે પણ ઓળખાય છે, તેની રાત્રે મેઘરાજાની પ્રતિમા બનાવવામાં આવે છે. ભોઈ સમાજના યુવાનો નર્મદા નદીની કાળી માટીના મિશ્રણમાંથી આ પ્રતિમા તૈયાર કરે છે. આ પ્રક્રિયા અત્યંત પરંપરાગત અને ગુપ્ત રીતે થાય છે, જેમાં મર્યાદિત સંખ્યામાં ભક્તો હાજર રહે છે.

### ભરૂચ નગરપાલિકાની નાગરિકોને અપીલ બાદ મુદ્દો ચર્ચામાં

# વરસાદી પાણીનો નિકાલ ભૂગર્ભ ગટર યોજનામાં ન કરવા અપીલ, વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાની માંગ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરમાં ભૂગર્ભ ગટર યોજના-UGDમાં વરસાદી પાણીનો નિકાલ ન કરવા અંગે નગરપાલિકાની અપીલ બાદ મુદ્દો ચર્ચામાં આવ્યો છે. પાલિકા તંત્ર અને સામાજિક કાર્યકર વચ્ચે આ મામલે અલગ-અલગ મત સામે આવ્યા છે. પાલિકા ભૂગર્ભ ગટર યોજનાની સિસ્ટમને વરસાદી પાણીથી બચાવવાની જરૂરિયાત જણાવી રહી છે, જ્યારે સામાજિક કાર્યકરે વરસાદી પાણીના નિકાલ માટે શહેરમાં પૂરતી વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાનો આક્ષેપ કર્યો છે. ભરૂચ નગરપાલિકાના ચીફ ઓફિસર હરીશ અગ્રવાલે જાહેર કરેલી પ્રેસનોટમાં નાગરિકોને UGDના મેનહોલના ઢાંકણા ખોલીને વરસાદી પાણીનો નિકાલ ન કરવા અપીલ કરી છે. પાલિકા મુજબ UGD મુખ્યત્વે ઘરેલું ગંદા પાણીના નિકાલ માટે બનાવવામાં આવી છે. વરસાદી પાણી સાથે માટી, કચરો અને અન્ય ઘન પદાર્થો ગટર લાઇનમાં પ્રવેશે તો લાઇન ચોક-અપ થવાની શક્યતા રહે છે. પાલિકાના જણાવ્યા મુજબ વરસાદી પાણીનો મોટો પ્રવાહ UGDમાં જવાથી પમ્પિંગ સ્ટેશન તેમજ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) પર વધારાનું ભારણ આવે છે. તેના



કારણે ગટર વ્યવસ્થામાં ખામી સર્જાવાની સાથે ગંદા પાણીના બેકફ્લોની સમસ્યા પણ ઊભી થઈ શકે છે. સામાજિક કાર્યકર ધવલ કનોજીયાએ પાલિકાની અપીલ સામે વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે વરસાદી પાણી UGDમાં ન છોડવાની અપીલ ટેકનિકલી યોગ્ય હોઈ શકે છે, પરંતુ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણીના કુદરતી નિકાલ માટેની કાંસો સહિતની વૈકલ્પિક વ્યવસ્થાઓ પર અસર પડી છે. ભારે વરસાદ દરમિયાન રસ્તાઓ અને શેરીઓમાં પાણી ભરાઈ જતાં નાગરિકો પાસે યોગ્ય વિકલ્પ ન હોવાથી તેઓ મજબૂરીવશ UGDના મેનહોલ તરફ વળે છે.

# ઘડિયા ગામના મુરાવત ફળિયામાં પાણીની પાઇપલાઇન 15 દિવસથી અધૂરી

ઘડિયા, દિપક પરમાર

ઘડિયા ગામના મુરાવત ફળિયામાં પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી શરૂ થયાને આશરે 15 દિવસ વીતી ગયા હોવા છતાં કામગીરી હજુ પૂર્ણ કરવામાં આવી નથી. પાઈપલાઈનનું કામ અધૂરું રહેતા ફળિયાના રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ફળિયાના ભાઈઓ, વડીલો, યુવાનો, બહેનો તેમજ શાળાએ જતા બાળકોને પાણી ભરવા માટે અવરજવર કરવામાં મુશ્કેલી પડી રહી છે. ખેતરમાં જતા ખેડૂતોને પણ ભારે તકલીફ પડી રહી છે. ઉપરાંત, ફળિયામાં કોઈ મહેમાન આવે ત્યારે પણ રસ્તાની ખરાબ હાલતને કારણે અવરજવરમાં મુશ્કેલી સર્જાઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પાઈપલાઈનનું કામ પૂર્ણ કરવાના બદલે રસ્તાની હાલત પણ વધુ ખરાબ થઈ ગઈ છે. રસ્તા પર ખોદકામ બાદ યોગ્ય રીતે સમારકામ ન થતાં ગ્રામજનોમાં નારાજગી જોવા મળી રહી છે. ગ્રામજનોએ તંત્ર સમક્ષ માંગ કરી છે કે પાણીની પાઈપલાઈનનું કામ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે અને ખોદકામથી ખરાબ થયેલા રસ્તાનું યોગ્ય રીતે સમારકામ કરવામાં આવે, જેથી સ્થાનિકોને રાહત મળી શકે.

# ઝોઝ પોલીસ સ્ટેશન વિસ્તારમાં2.87 લાખનો મુદ્દામાલ ઝડપાયો

### વિદેશી દારૂ સાથે ઇક્કો ફોર વ્હીલર ઝડપી, બે આરોપી ઝડપાયા અને બે ફરાર

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દારૂની ગેરકાયદેસર હેરાફેરી સામે કાર્યવાહી કરતા ઝોઝ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

પોલીસ દ્વારા 610 બોટલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ, ઈક્કો ફોર વ્હીલર સહિત કુલ રૂ.2,87,350/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ દ્વારા દારૂબંધીના કાયદાનો કડક અમલ થાય અને જિલ્લામાં પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ તથા હેરાફેરી સદંતર રીતે નેસ્તનાબૂદ થાય તે માટે જિલ્લાના તમામ થાણા અધિકારીઓ તથા શાખા ઈન્ચાર્જને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જે અન્વયે એમ.એફ. ડામોર, પોલીસ ઈન્સ્પેક્ટર, એલ.સી.બી. છોટાઉદેપુર દ્વારા એલ.સી.બી.



સ્ટાફના પોલીસ કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

એલ.સી.બી. સ્ટાફના પોલીસ કર્મચારીઓ ઝોઝ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એફ. ડામોર દ્વારા ટેલિફોન મારફતે સ્ટાફને જાણ કરવામાં આવી હતી કે ઝોઝ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુઝુકી કંપનીની સફેદ કલરની ઈક્કો ફોર વ્હીલર ગાડી, રજીસ્ટ્રેશન નંબર GJ-16-BG-0174,નો ચાલક વગર પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને આવી રહ્યો છે.

મળેલી બાતમીના આધારે પોલીસ સ્ટાફે બાતમીમાં જણાવ્યા મુજબની ઈક્કો ફોર વ્હીલર ગાડી આવતા તેને ઈશારાથી રોકવા જણાવતા ગાડીના ચાલકે પોતાની ગાડી સ્થળ ઉપર રોકી હતી. ત્યારબાદ પોલીસે ઈક્કો ફોર વ્હીલરની તપાસ કરતા તેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલો મળી આવ્યો હતો.

પોલીસે ગાડીમાંથી *610 બોટલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ, કિંમત રૂ.82,350/-*નો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઈક્કો ફોર વ્હીલર સહિત કુલ રૂ.2,87,350/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.



### આકાંક્ષાએ આ ડાન્સનો વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો

# આકાંક્ષા ચમોલાના ડાન્સ વીડિયો પર ફેન્સ ભડક્યા: ટ્રોલર્સે કર્યા આકરા પ્રહારો

મુંબઈ

ગૌરવ ખન્નાની પત્ની અને એક્ટ્રેસ આકાંક્ષા ચમોલાએ હાલમાં જ 'લોક અપ: સત્ય યા સજા'માં ખૂબ ચર્ચામાં રહી હતી. હવે શો પૂર્ણ થયા બાદ પણ તે ચર્ચામાં જ છવાયેલી છે. જેનું કારણ એ છે તેના ઈન્ટરવ્યૂ અને તેમાં આપેલા નિવેદનો. એટલું જ નહીં, આકાંક્ષા ચમોલાનો એક ડાન્સ વીડિયો પણ ચર્ચામાં છે, જે તેણે હાલમાં જ શેર કર્યો હતો. જેમાં તે 'બહતે જાના હે' પર કમાલ ડાન્સ કરી રહી છે. આ વીડિયો પર ઘણી કમેન્ટ્સ આવી રહી છે. આકાંક્ષાએ આ ડાન્સનો વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર શેર કર્યો હતો, જેમાં તે લાલ રંગના ટોપ અને જિન્સ પહેરી પોતાના સેન્સ્યુઅલ ડાન્સ મૂવ બતાવી રહી છે, પરંતુ એક તરફ ચાહકોએ તેના ડાન્સ અને અદાઓના વખાણ કર્યા બીજી તરફ અન્ય યુઝર્સે તેના પર આકરા પ્રહારો કરવાના શરૂ કર્યા હતા. આકાંક્ષાને સોશિયલ મીડિયા પર તેના આ વીડિયો પર યૂઝર્સ દ્વારા વાંધાજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં અમુકે તેને 'પાગલ ઓૈરત', 'નાગિન', 'નેવલી', જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો. અમુક લોકો એવા પણ હતા જેમનું કહેવું હતું કે આકાંક્ષાએ ગૌરવ ખન્નાનો ફક્ત પબ્લિસિટી મેળવવા માટે ઉપયોગ કર્યો હતો. ગૌરવ વગર તે કઈ નથી. હવે પબ્લિસિટી મળી તો તે આ રીતે પ્રતિક્રિયા આપી રહી છે. આકાંક્ષાના સિક્રેટ્સ અને ગૌરવ ખન્ના સાથે છૂટાછેડા આકાંક્ષા ખન્ના હાલમાં જ 'લોક અપ: સત્ય કે સજા' રિયાલિટી શોમાં આવી તો તેણે પોતાના વિશે અમુક સિક્રેટસ જણાવ્યા હતા, જેણે સનસનાટી મચાવી દીધી હતી. આકાંક્ષાએ ગૌરવ ખન્ના સાથે છૂટાછેડા વિશે સ્પષ્ટતા કરી હતી અને કહ્યું હતું કે તે બંને એક વર્ષથી અલગ રહી રહ્યા છે અને છૂટાછેડા માટે વિચારી રહ્યા છે. આકાંક્ષાએ એ પણ કહ્યું હતું કે તેના અને ગૌરવ વચ્ચે પતિ-પત્ની જેવી કોઈ લાગણી નથી. આકાંક્ષાએ તેનું વધુ એક સિક્રેટ જણાવ્યું હતું કે તે બાયોસેક્સ્યુઅલ છે. જે વાતે સૌને ચોંકાવી દીધા હતા. ગૌરવ ખન્ના અને આકાંક્ષા ચમોલાની લવસ્ટોરી આકાંક્ષા ચમોલા અને ગૌરવ ખન્નાએ વર્ષ 2016 માં લગ્ન કરી હતા. તેમણે પ્રેમલગ્ન કર્યા હતા. બંનેની મુલાકાત 2015માં એક ઓડિશન દરમિયાન થઈ હતી. ત્યારે ગૌરવે આકાંક્ષાને એ વાત જણાવી નહોતી કે તે એક ટીવી સ્ટાર છે.

**આકાંક્ષા ખન્ના હાલમાં જ 'લોક અપ: સત્ય કે સજા' રિયાલિટી શોમાં આવી તો તેણે પોતાના વિશે અમુક સિક્રેટસ જણાવ્યા હતા**

# અજય દેવગને છીનવી લીધી અનુપ સોનીની ખુરશી

## ક્રાઈમ બેઝ શૉ 'ક્રાઈમ પેટ્રોલ'ની નવી સીઝનમાં અનુપ સોનીના બદલે હવે અજય જોવા મળશે

મુંબઈ

બોલિવૂડના સુપરસ્ટાર અજય દેવગન હવે ટીવી પદડે દેખાશે. ક્રાઈમ બેઝ શૉ 'ક્રાઈમ પેટ્રોલ'ની નવી સીઝનમાં અનુપ સોનીના બદલે હવે અજય દેવગન જોવા મળશે. હોસ્ટ તરીકે અજય દેવનનો એક પ્રોમો ટીવી પર પ્લે થઈ રહ્યો છે. નાના પદડા પર અજયની એન્ટ્રીથી શૉના પૂર્વ હોસ્ટ અનુપ સોનીએ પોતાની વાત મૂકી છે. વર્ષો સુધી અનુપ સોનીએ 'ક્રાઈમ પેટ્રોલ' શૉમાં હોસ્ટ તરીકે કામ કર્યું છે. અનેક એવા નાટ્ય રૂપાંતરમાં વોઈસ આપ્યો છે. હવે એના બદલે અજય દેવગન જોવા મળશે. અનુપ સોનીએ આ અંગે કહ્યું કે, મારે આ વિશે ખાસ કંઈ કહેવાનું થતું નથી. આ શૉ સાથે મારૂ ક્નેક્શન ખૂબ લાંબા સમય સુધી રહ્યું અને ખાસ રહ્યું છે. આ દરમિયાન દર્શકોએ મને ખૂબ જ પ્રેમ આપ્યો અને સ્વીકાર્યો,આ માટે હું મારા દર્શકોનો ધન્યવાદ કરૂ છું. હું અજય દેવગનનો ખૂબ સારો ફેન છું. મોટો ફેન છું, એમની સાથે મેં પ્રકાશ ઝાની ફિલ્મ 'ગંગાજલ' અને 'અપહરણ' જેવી ફિલ્મમાં સાથે કામ કર્યું છે. મને વિશ્વાસ છે કે, આ શૉમાં તે પોતાની સ્ટાઈલ અને દ્રષ્ટિકોણથી કામ કરશે. નવી સીઝન માટે હું શૉની ટીમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. હકીકત એ છે કે, આ શૉની શરૂઆત વર્ષ 2010માં થઈ હતી. 9 વર્ષ સુધી અનુપ સોનીએ આ શૉને સંભાળ્યો હતો. 31મી ઓગસ્ટથી આ નવો શૉ શરૂ થઈ રહ્યો છે. અજય દેવગન આ શૉમાં હોસ્ટ તરીકે જોવા મળશે. આ શૉમાં નવા નાટ્યરૂપાંતર જોવા મળશે. પહેલીવાર અજય દેવગન ટીવી પર હોસ્ટ તરીકે આવ્યા રહ્યો છે. આ શૉના 15 એપીસોડ શુટ થઈ ગયા છે. અનુપ સોનીએ 'ક્રાઈમ પેટ્રોલ' સિવાય 'બાલિકા વધુ' થી પણ એક ખાસ ઓળખ બનાવી છે. આ સિવાય તે અનેક એવી નાની-મોટી ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે.



# આજે બોક્સ ઓફિસ પર ટકરાશે 'આવારાપન 2' અને 'બંટવારા 1947'

## એડવાન્સ બુકિંગમાં 'આવારાપન 2'ની મજબૂત પકડ ઈમરાન હાશ્મીની ફિલ્મ 'આવારાપન 2' એડવાન્સ બુકિંગમાં શાનદાર પ્રદર્શન કરી રહી છે

મુંબઈ

બોક્સ ઓફિસ પર અવારનવાર મોટી ફિલ્મોની ટક્કર જોવા મળતી હોય છે, પરંતુ આ વખતે 14 ઓગસ્ટે સ્વતંત્રતા દિવસના વીકેન્ડ પર ટિકિટ બારી પર મોટી ભીડ જોવા મળી શકે છે. એક તરફ બોલીવુડના એક્શન સ્ટાર સની દેઓલની ફિલ્મ 'બંટવારા 1947' છે, તો બીજી તરફ ઈમરાન હાશ્મીની ચર્ચિત ફિલ્મ 'આવારાપન 2' રિલીઝ થવા જઈ રહી છે. બંને ફિલ્મોનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ચૂક્યું છે અને પ્રારંભિક આંકડાઓ ખૂબ જ રસપ્રદ ચિત્ર રજૂ કરી રહ્યા છે. એડવાન્સ બુકિંગમાં 'આવારાપન 2'ની મજબૂત પકડ ઈમરાન હાશ્મીની ફિલ્મ 'આવારાપન 2' એડવાન્સ બુકિંગમાં શાનદાર પ્રદર્શન કરી રહી છે. શરૂઆતના દિવસોમાં જ આ ફિલ્મે 72 હજારથી વધુ ટિકિટો વેચીને કરોડો રૂપિયાનું એડવાન્સ કલેક્શન કરી લીધું છે. ફિલ્મ રિલીઝ થવા સુધીમાં આ આંકડો હજુ પણ મોટો થઈ શકે છે. એવી ધારણા છે કે 'આવારાપન 2' ઓપનિંગ ડે પર 15 થી 20 કરોડ રૂપિયા સુધીનો ધમાકેદાર આંકડો સ્પર્શી શકે છે. સની દેઓલની 'બંટવારા 1947'ની ધીમી શરૂઆત આ સાથે સની દેઓલની ફિલ્મ 'બંટવારા 1947' એડવાન્સ બુકિંગની રેસમાં થોડી પાછળ ચાલી રહી છે. અત્યાર સુધી આ ફિલ્મની લગભગ 21 હજાર ટિકિટો જ વેચાઈ છે, જેમાંથી માત્ર 58 લાખ રૂપિયા આસપાસની કમાણી થઈ છે. પરંતુ ફિલ્મ સની દેઓલની હોવાથી રિલીઝ થયા બાદ સારી એવી કમાણી કરી શકે છે. એટલે કે રિલીઝના દિવસે ગ્રાઉન્ડ લેવલ પર ચિત્ર બદલાઈ પણ શકે છે. પરંતુ કેટલી કમાણી થશે તેનો અંદાજ લગાવી શકાય નહીં. 14 ઓગસ્ટે આ બંને ફિલ્મો એકસાથે આવવાથી બંનેના શોઝ અને કમાણીની વહેંચણી પર અસર પડશે. આ ઉપરાંત, કમાણીનો આ રસ્તો આગળ પણ સરળ નથી રહેવાનો, કારણ કે 26 ઓગસ્ટે સુપરસ્ટાર યશની બહુચર્ચિત ફિલ્મ 'ટોક્સિક' (Toxic) પણ રિલીઝ થવા જઈ રહી છે. હવે એ જોવું ખૂબ જ રસપ્રદ રહેશે કે આ બોક્સ ઓફિસ જંગમાં કઈ ફિલ્મ પ્રેક્ષકોનું દિલ જીતીને કમાણીના રેકોર્ડ બનાવે છે.









# રામાયણ'ના VFX ટ્રોલિંગ પર રણબીર કપૂર ભડક્યો

## કરોડો ડોલરનો ખર્ચ મોટા પડદાના અનુભવ માટે છે, ફોન પર જોઈને ટીકા કરવી યોગ્ય નથી

મુંબઈ

'રામાયણ'ના ડિરેક્ટર નિતેશ તિવારી, એક્ટર રણબીર કપૂર અને પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ ફિલ્મના વિઝ્યુઅલ ઈફેક્ટ્સ તેમજ કોમ્પ્યુટરથી તૈયાર કરાયેલા અન્ય કામ અંગે થઈ રહેલી ટીકાઓ પર વાત કરી છે.

આ ત્રણેય તાજેતરમાં પોતાની ફિલ્મના પ્રમોશન માટે અમેરિકા ગયા હતા, જ્યાં તેમણે આ મેગા પ્રોજેક્ટને હકીકતનું રૂપ આપવા માટે કરવામાં આવેલી સખત મહેનત વિશે ખુલ્લીને વાત કરી હતી. એક ઈન્ટરવ્યુમાં ટીમે ફિલ્મની પ્રોગ્રેસ અંગે ચર્ચા કરી અને ઓનલાઈન થઈ રહેલી ટીકાઓનો જવાબ આપ્યો. પાર્ટ 1 પૂર્ણ થવા વિશે પૂછવામાં આવતાં ડિરેક્ટર તિવારીએ કન્ફર્મ કર્યું હતું કે, 'અમારું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે અને એડિટ લોક થઈ ચૂક્યું છે. હાલમાં અમે અમારા VFXના કામને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છીએ, જે ખૂબ જ મુશ્કેલ કામ છે. જો તમે ફિલ્મ જોશો તો તમને ખ્યાલ આવશે કે માત્ર VFXને યોગ્ય લુક આપવામાં કેટલી મહેનત લાગી છે.' લોકોને કમ્પ્યુટર કે CGIની સમજ જ નથી. ફિલ્મમાં ભગવાન રામનો રોલ નિભાવી રહેલા રણબીર કપૂરે પણ વિઝ્યુઅલ ઈફેક્ટ્સની ટીકાઓ પર જવાબ આપતા કહ્યું કે, 'લોકોને CGI (કોમ્પ્યુટર-જનરેટેડ ઈમેજરી)ની સમજ જ નથી.

લોકોને ખબર જ નથી હોતી કે કોમ્પ્યુટર-જનરેટેડ ઈમેજરી કેવી રીતે તૈયાર થાય છે. લોકોને એવું લાગે છે કે કોઈએ બસ AIનો ઉપયોગ કર્યો અને કંઈક રિલીઝ કરી દીધું. આમાં અગણિત કલાકોની મહેનત સામેલ છે, જેના પર આર્ટિસ્ટ્સ વર્ષોથી કામ કરી રહ્યા છે. મેં નિતેશ સર અને નમિતને આ પ્રોજેક્ટ શરૂ થયો ત્યારથી જ VFX કૉલ્સ પર બેઠેલા જોયા છે. તેઓ આકાશના કોઈ ચોક્કસ રંગને પણ પરફેક્ટ કરવાનો પ્રયાસ કરે છે.' મને લાગે છે કે અત્યારના સમયમાં અસલી CGIથી દર્શકોને પ્રભાવિત કરવા મુશ્કેલ છે.'

# સોશિયલ મીડિયા પર છવાયા રવિ કિશનના મીમ્સ, પત્નીએ રમૂજી અંદાજમાં આપી ચેતવણી

મુંબઈ

અભિનેતા અને ભાજપ સાંસદ રવિ કિશન હાલમાં સોશિયલ મીડિયા પર તેમની ફિલ્મો કે રાજકીય નિવેદનો કરતાં તેમના રમુજી મીમ્સ માટે છવાયેલા છે. તાજેતરમાં, તેમના જૂના અને નવા વીડિયોઝમાંથી ઘણી ટૂંકી ક્લિપ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. પોડકાસ્ટ અને ઈન્ટરવ્યુમાં તેમના કેટલાક નિવેદનો મીમ્સ બની ગયા છે. "જલ્દી ધ લેટ"થી લઈને "મની ફોલોઝ માય બ્રધર" સુધી, વપરાશકર્તાઓ રવિ કિશનના ઘણા સંવાદો પર આધારિત વિવિધ રમુજી મીમ્સ અને વીડિયોઝ બનાવી રહ્યા છે. રવિ કિશન પોતે હવે આ મીમ્સ અને સોશિયલ મીડિયા ઘટના વિશે ખુલ્લેઆમ બોલ્યા છે. તેમણે જણાવ્યું કે, જ્યારે તેમને ખ્યાલ આવ્યો કે તેમણે જે કહ્યું તે લગભગ બધું જ મીમમાં ફેરવાઈ રહ્યું છે, ત્યારે તેમણે થોડા સમય માટે મૌન રહેવાનું નક્કી કર્યું. પરંતુ આ સમગ્ર પરિસ્થિતિ પર સૌથી રમુજી પ્રતિક્રિયા તેમની પત્ની પ્રીતિ શુક્લા તરફથી આવી. ચાલો જાણીએ કે, રવિ કિશનની પત્નીએ તેમને શું ચેતવણી આપી છે. રવિ કિશનએ ખુલાસો કર્યો કે, જ્યારે તેમણે તેમના વિશે બનતા મીમ્સ જોયા, ત્યારે તેમણે મૌન રહેવાનું નક્કી કર્યું. તેમણે જનરલ ઝેડની પ્રશંસા પણ કરી અને કહ્યું કે, તેમના નિવેદનોને મીમ્સમાં ફેરવવા એ તેમના પ્રત્યે પ્રેમ અને સ્નેહ દર્શાવવાનો એક માર્ગ છે. રવિએ જણાવ્યું કે, જ્યારે તેમને ખબર પડી કે તેમણે જે કહ્યું તે લગભગ બધું જ મીમ બની રહ્યું છે, ત્યારે તેમણે થોડા દિવસો માટે ચૂપ રહેવાનું નક્કી કર્યું. તેમની પત્નીની રમુજી પ્રતિક્રિયાને યાદ કરતાં રવિએ કહ્યું કે, "મારી પત્નીએ કહ્યું, 'કૃપા કરીને થોડા દિવસો માટે ચૂપ રહો, નહીં તો અમે તમને ઘરમાં બંધ કરી દઈશું.' મારી પત્નીએ મને કહ્યું કે, 'તું જ્યારે પણ ઘરની બહાર નીકળે છે ત્યારે વાયરલ થઈ જાય છે.' તો તે બાળકોને કહી રહી હતી, 'ચાલો તેને આ રૂમમાં બંધ કરી દઈએ તે બહાર નહીં જાય, અને તે વાયરલ નહીં થાય.'



### ટેસ્ટ ક્રિકેટમાં બન્યો સૌથી સફળ બૉલર

# કપિલ દેવની બરાબરી કરી મિચેલ સ્ટાર્કે રચ્યો ઈતિહાસ

મુંબઇ

ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે ટેસ્ટ ક્રિકેટમાં એક શાનદાર અને ઐતિહાસિક ઉપલબ્ધિ પોતાના નામે કરી લીધી છે. બાંગ્લાદેશ સામે ડારવિનમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઓપનર શાદમાન ઈસ્લામની વિકેટ ઝડપતાંની સાથે જ સ્ટાર્ક ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર ડાબોડી બોલર બની ગયો છે. આ રેકોર્ડ સાથે તેણે વૈશ્વિક સ્તરે પોતાની શ્રેષ્ઠતા વધુ એકવાર સાબિત કરી છે. કપિલ દેવની બરાબરી કરી 36 વર્ષીય મિચેલ સ્ટાર્કે આ મામલામાં શ્રીલંકાના મહાન સ્પિનર રંગના હેરાથને પાછળ છોડી દીધો છે. આ ઉપરાંત, ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં



તેણે ભારતના મહાન કેપ્ટન અને ઓલરાઉન્ડર કપિલ દેવની બરાબરી પણ કરી લીધી છે. બાંગ્લાદેશની પહેલી ઈનિંગ દરમિયાન નવમી ઓવરમાં સ્ટાર્કે આ સફળતા મેળવી હતી. મિચેલ સ્ટાર્કે માત્ર 106 ટેસ્ટ મેચમાં જ 434 વિકેટોનો આંકડો સ્પર્શી લીધો છે, જ્યારે કપિલ દેવે 131 ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી. હવે મિચેલ સ્ટાર્કની નજર ટેસ્ટ ક્રિકેટના ઓલ-ટાઈમ ટોપ-10 બોલરોની યાદીમાં સ્થાન મેળવવા પર છે. સાઉથ આફ્રિકાના મહાન ઝડપી બોલર ડેલ સ્ટેન 439 વિકેટો સાથે આ યાદીમાં 10મા ક્રમે છે. સ્ટાર્ક હાલ ડેલ સ્ટેનથી માત્ર 6 વિકેટ પાછળ છે, અને ટોપ-10માં પહોંચવા માટે તેને હવે માત્ર થોડી જ વિકેટોની જરૂર છે. તેની શાનદાર બોલિંગ રફતાર જોતાં તે જલદી જ આ મુકામ પણ પ્રાપ્ત કરી લેશે તેવી પૂરી સંભાવના છે. શાનદાર ઈન્ટરનેશનલ કરિયર અને રેકોર્ડ્સ ઑક્ટોબર 2010માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરનાર મિચેલ સ્ટાર્કે પોતાની ઝડપી ગતિ, સ્વિંગ અને ઘાતક યોર્કરથી દુનિયાભરના બેટ્સમેનોને પરેશાન કર્યા છે. તે પોતે વિશ્વના ખૂબ જ જૂજ ખેલાડીઓ પૈકીના એક છે.

## ગંભીરના બચાવમાં દિગ્ગજ ક્રિકેટર, કેપ્ટન ગિલ અંગે આપ્યું મોટું નિવેદન

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર સતત ટીકાઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે પૂર્વ સ્પિનર હરભજન સિંહે તેના સમર્થનમાં નિવેદન આપ્યું છે. હરભજને સવાલ કર્યો છે કે જ્યારે ટીમ ખરાબ પ્રદર્શન કરે ત્યારે હંમેશા કોચને જ કેમ જવાબદાર ઠેરવવામાં આવે છે? તેમના મતે ગંભીર પોતાની રમતના દિવસોથી જ અત્યંત જુસ્સાદાર રહ્યો છે અને તેના માટે ટીમ હંમેશા વ્યક્તિગત ઉપલબ્ધિઓથી ઉપર રહી છે. ગંભીરના કોચિંગ હેઠળ ભારતે મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટોમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. સ્પષ્ટવક્તા સ્વભાવ ગંભીરના સ્વભાવ વિશે વાત કરતા હરભજને જણાવ્યું કે તે ખૂબ જ સીધા અને સ્પષ્ટવક્તા છે. ઘણા લોકોને તેમની વાતો કડવી લાગી શકે છે, પરંતુ તે કડવું સત્ય હોય છે જેને ઘણા લોકો પચાવી શકતા નથી. ગંભીરના સાર્વજનિક વ્યક્તિત્વના આધારે તેમના વિશે ખોટી ધારણા બાંધવી યોગ્ય નથી. હરભજનના જણાવ્યા અનુસાર, ગંભીર ક્યારેય જીત માટે પ્રયાસ કર્યા વિના મેદાન પર હાર સ્વીકારવા તૈયાર નથી હોતા અને તેઓ ખેલાડીઓમાં પણ આ જ વિજેતા માનસિકતા જોવા માંગે છે. ગંભીર ઉપરાંત હરભજને ભારત અને નવા ટેસ્ટ તથા વનડે કેપ્ટન શુભમન ગિલનું પણ સમર્થન કર્યું છે.

### બંને ટીમોને અલગ-અલગ ક્વાર્ટર ફાઇનલમાં રખાઈ

## એશિયન ગેમ્સમાં ભારત-પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ થવાની શક્યતા

મુંબઇ

જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારત અને પાકિસ્તાનની ક્રિકેટ ટીમો વચ્ચે શરૂઆતના તબક્કામાં કોઈ મુકાબલો નહીં થાય. બંને ટીમોને અલગ-અલગ ક્વાર્ટર ફાઈનલમાં રાખવામાં આવી છે. જેના કારણે ફેન્સે સંભવિત મહામુકાબલા માટે નોકઆઉટ સ્ટેજ સુધી રાહ જોવી પડશે. એશિયન ગેમ્સનું આયોજન 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર દરમિયાન થવાનું છે. જ્યારે ક્રિકેટની મેચો 17 સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર દરમિયાન રમાશે. અલગ-અલગ ક્વાર્ટર ફાઈનલ ભારતીય પુરુષ ટીમને પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવી



અન્ય એશિયન દિગ્ગજ ટીમો સાથે સીધી ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન આપવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર, ભારતને ક્વાર્ટર ફાઈનલ 2માં રાખવામાં આવ્યું છે. જ્યારે પાકિસ્તાન ક્વાર્ટર ફાઈનલ 1માં રમશે. બંને વચ્ચે મેચ 28 સપ્ટેમ્બરે યોજાશે. સેમિફાઈનલ ડ્રો મુજબ બંને પ્રતિદ્વંદ્વીઓ અંતિમ ચારમાં સામસામે નહીં આવી શકે. જો બંને ટીમો પોતપોતાની મેચ જીતી જશે, તો તેમની વચ્ચે માત્ર ફાઈનલ કે બ્રોન્ઝ-મેડલ પ્લે-ઓફમાં જ ટક્કર થઈ શકે છે. તમામ ક્રિકેટ મેચ નાગોયાના પાલોમા મિઝુહો સ્ટેડિયમમાં ટી-20 ફોર્મેટમાં રમાશે. મહિલાઓની સ્પર્ધા 17 સપ્ટેમ્બરથી શરૂ થઈને 22 સપ્ટેમ્બરે ફાઈનલ સાથે પૂર્ણ થશે.

## બાંગ્લાદેશ સામે ઓસ્ટ્રેલિયાનો સૌથી લોએસ્ટ ટેસ્ટ સ્કોર

### 198 રનમાં ઓલઆઉટ, સ્ટીવ સ્મિથની ફિફ્ટી; હસન મહમૂદે 6 વિકેટ લીધી

મુંબઇ

ડાર્વિનમાં બાંગ્લાદેશ સામે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટની પહેલી ઈનિંગ્સમાં ઓસ્ટ્રેલિયા 198 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશ સામે ઓસ્ટ્રેલિયાનો આ સૌથી લોએસ્ટ સ્કોર છે. આ પહેલા ઓસ્ટ્રેલિયાનો સૌથી ઓછો સ્કોર 217 રન હતો. આ 2017માં મીરપુર ટેસ્ટમાં બન્યો હતો. જવાબમાં, પ્રથમ દિવસની રમત સમાપ્ત થઈ ત્યાં સુધીમાં બાંગ્લાદેશે 1 વિકેટ ગુમાવીને 96 રન બનાવ્યા છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમની શરૂઆત ખરાબ રહી. લંચ સુધીમાં ટીમે 74 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી



હતી. આ પછી સ્ટીવ સ્મિથે ઈનિંગ્સ સંભાળવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેના આઉટ થયા પછી ઓસ્ટ્રેલિયાની છેલ્લી ચાર વિકેટ પણ ઝડપથી પડી ગઈ. બાંગ્લાદેશ તરફથી હસન મહમૂદે કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરતા 17 ઓવરમાં 55 રન આપીને 6 વિકેટ લીધી. તસ્કીન અહેમદ અને ઈબાદત હુસૈનને 2-2 વિકેટ મળી. ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટીવ સ્મિથ સૌથી વધુ રન બનાવનાર બેટર રહ્યો. તેણે 109 બોલમાં 71 રન બનાવ્યા. તેની ઈનિંગમાં 7 ચોગ્ગા અને 1 છગ્ગો સામેલ હતો. સ્મિથે એલેક્સ કેરી સાથે પાંચમી વિકેટ માટે 55 રનની ભાગીદારી કરી. આ ઓસ્ટ્રેલિયાની ઈનિંગની સૌથી મોટી ભાગીદારી રહી. કેરી 19 રન બનાવીને આઉટ થયો. 74 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. ઓસ્ટ્રેલિયાને પહેલો ઝટકો હસન મહમૂદે આપ્યો. તેણે જેક વેદરાલ્ડને 23 રન પર આઉટ કર્યો. ત્યારબાદ પછીની જ ઓવરમાં ટ્રેવિસ હેડને પણ પેવેલિયન ભેગો કરી દીધો. માર્નસ લાબુશેન માત્ર 1 રન બનાવીને આઉટ થયો, જ્યારે કેમરૂન ગ્રીન 13 રન બનાવી શક્યો. આ રીતે લંચ સુધી ઓસ્ટ્રેલિયાએ 74 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી.



### સોનું ₹972 સસ્તું થઈને ₹1.52 લાખનું 10 ગ્રામ થયું

## ચાંદી ₹3,414 ઘટીને ₹2.34 લાખ પ્રતિ કિલો થઇ

મુંબઇ

સોના-ચાંદીની કિંમતમાં આજે એટલે કે 13 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 972 રૂપિયા ઘટીને 1.52 લાખ રૂપિયા પર આવી ગયો છે. એક કિલો ચાંદીની કિંમત 3,414 રૂપિયા ઘટીને 2.34 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધી 19 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10g સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે




1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. ચાંદીની કિંમતમાં 4 હજાર રૂપિયાનો વધારો થયો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.34 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી.

સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલ સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

### બધા પૈસો નવા શેર જારી કરીને ભેગા કરવામાં આવશે

## મુથૂટ ફિનકોર્પ ₹3,000 કરોડનો IPO લાવશે: સેબી પાસે DRHP જમા કરાવ્યો

**કંપની દ્વારા જમા કરાયેલા ડ્રાફ્ટ પેપર્સ અનુસાર, આ સંપૂર્ણ IPO સંપૂર્ણપણે ફ્રેશ ઇશ્યૂ છે એટલે કે તેમાં નવા શેર જારી કરવામાં આવશે. તેમાં કોઈ પણ ઑફર ફોર સેલ એટલે કે OFS શામેલ નથી અને સંપૂર્ણ રકમ કંપનીના ખાતામાં જશે.**

મુંબઇ

નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની એટલે કે NBFC મુથૂટ ફિનકોર્પ લિમિટેડ પોતાનો ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (IPO) લાવવાની તૈયારી કરી રહી છે. કંપનીએ 3,000 કરોડનો IPO લાવવા માટે કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સેબી સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ એટલે કે DRHP રજુ કર્યો છે. આ મૂડીનો ઉપયોગ ભવિષ્યની મૂડી જરૂરિયાતો પૂરી કરવા, આગળ લોન આપવા અને વ્યવસાયના વિકાસ અને વિસ્તરણમાં મદદ કરવા માટે કરવામાં આવશે. કંપની દ્વારા બુધવારે જમા કરાયેલા ડ્રાફ્ટ પેપર્સ અનુસાર, આ સંપૂર્ણ IPO સંપૂર્ણપણે ફ્રેશ ઈશ્યૂ છે એટલે કે તેમાં નવા શેર જારી કરવામાં આવશે. તેમાં કોઈ પણ ઑફર ફોર સેલ એટલે કે OFS શામેલ નથી અને સંપૂર્ણ રકમ કંપનીના ખાતામાં જશે. ભેગા કરાયેલા પૈસાનો ક્યાં





ઉપયોગ થશે? કંપની IPO માંથી મળનારા 3,000 કરોડના ભંડોળનો ઉપયોગ પોતાના ટિયર-1 કેપિટલ બેઝને મજબૂત કરવા માટે કરશે. આનાથી કંપનીની આગળ લોન આપવાની ક્ષમતા વધશે અને વ્યવસાયના વિસ્તરણ તથા ભવિષ્યની નાણાકીય જરૂરિયાતોને પૂરી કરવામાં મદદ મળશે. 139 વર્ષ જૂનો ગ્રુપનો ઈતિહાસ, ગોલ્ડ લોન મુખ્ય બિઝનેસ. મુથૂટ ફિનકોર્પ, મુથૂટ પપ્પાચન ગ્રુપનો એક ભાગ છે, જેની શરૂઆત 1887માં થઈ હતી. કંપની મુખ્યત્વે ગોલ્ડ લોન સેગમેન્ટમાં કામ કરે છે અને છેલ્લા બે દાયકાથી વધુ સમયથી આ બિઝનેસમાં છે. ગોલ્ડ લોન ઉપરાંત આ કંપની બિઝનેસ લોન, પ્રોપર્ટી સામે લોન, સપ્લાય ચેઈન ફાઈનાન્સિંગ, ડિજિટલ લોન, માઈક્રોફાઈનાન્સ અને હાઉસિંગ લોન જેવી સુવિધાઓ પણ પૂરી પાડે છે. દેશભરમાં 5,610 શાખાઓ અને 42 લાખથી વધુ એપ યુઝર્સ 31 માર્ચ 2026 સુધીના આંકડા મુજબ, મુથૂટ ફિનકોર્પનું કુલ એસેટ્સ અંડર મેનેજમેન્ટ (AUM) 73,444.72 કરોડ સુધી પહોંચી ગયું છે. કંપનીનું નેટવર્ક સમગ્ર દેશમાં ફેલાયેલું છે અને તેની 5,610 શાખાઓ કાર્યરત છે. આ ઉપરાંત, કંપનીના ડિજિટલ પ્લેટફોર્મ 'Muthoot FinCorp ONE'ના 42.6 લાખ રજિસ્ટર્ડ યુઝર્સ છે.

### ED પાસેથી સંપત્તિઓની વિગતો માગી

## SBI વિવાદ ખતમ કરો: દેશની અર્થવ્યવસ્થા પર ખરાબ અસર પડી રહી છે: બોમ્બે HC

મુંબઇ

બોમ્બે હાઈકોર્ટે ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા અને બેંકો વચ્ચે ચાલી રહેલા કોમર્શિયલ વિવાદને હવે સમાપ્ત કરવાની વાત કહી છે. કોર્ટે આ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ED પાસેથી તપાસની વર્તમાન સ્થિતિ અને જપ્ત કરાયેલી સંપત્તિઓની વિગતો પણ માગી છે. જસ્ટિસ મિલિંદ જાધવની સિંગલ જજ બેન્ચે માલ્યાની અરજી પર સુનાવણી કરતા કહ્યું કે જો બંને પક્ષો આ વિવાદને સમાપ્ત કરીને આગળ નહીં વધે, તો તેની દેશની અર્થવ્યવસ્થા પર સીધી અને નકારાત્મક અસર પડશે. એક દાયકાથી ચાલી રહેલા વિવાદનો અંત આવવો જરૂરી હાઈકોર્ટની બેન્ચે કહ્યું કે લગભગ એક



દાયકાથી ચાલી રહેલા આ મામલાને હવે એક તાર્કિક અંત એટલે કે લોજિકલ કન્ક્લુઝન સુધી પહોંચવું જોઈએ. 70 વર્ષીય વિજય માલ્યાએ અરજી દાખલ કરીને સંપત્તિઓને બેંકોને સોંપવાના આદેશને અયોગ્ય ગણાવ્યો હતો. આના પર કોર્ટે કહ્યું કે કોમર્શિયલ વિવાદોનો ઉકેલ ઘણીવાર ખુદ વિવાદોની અંદર જ છુપાયેલો હોય છે. પક્ષોએ પરસ્પર ગૂંચવણમાં રહેવાને બદલે વ્યવહારિક સમાધાન એટલે કે પ્રેક્ટિકલ સોલ્યુશન તરફ આગળ વધવું જોઈએ. PMLA કોર્ટના આદેશને માલ્યાએ પડકાર્યો હતો. વર્ષ 2020માં માલ્યાએ વિશેષ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ એટલે કે PMLA કોર્ટના તે આદેશને પડકાર્યો હતો, જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની આગેવાની હેઠળના બેંકોના કન્સોર્ટિયમને ED દ્વારા જપ્ત કરાયેલી તેની સંપત્તિઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. માલ્યા પર બંધ થઈ ગયેલી કિંગફિશર એરલાઈન્સ (KFA) માટે અનેક બેંકો પાસેથી લીધેલા 9,000 કરોડના લોન ડિફોલ્ટનો આરોપ છે.

## સેન્સેક્સ 114 પોઈન્ટ વધીને 78080 પર બંધ

- **નિફ્ટી 40 પોઈન્ટ ગગડીને 24396 પર આવ્યો, બેન્કિંગ અને મેટલ શેર્સમાં વધુ વેચવાલી રહી**

મુંબઇ

આજ એટલે કે 13 ઓગસ્ટે સેન્સેક્સ 114 પોઈન્ટ વધીને 78,080 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 40 પોઈન્ટનો ઘટીને 24,396 પર પહોંચ્યો. મેટલ, બેન્કિંગ અને એનર્જી શેર્સમાં આજે વધુ વેચવાલી રહી. જ્યારે FMCG અને રિયલ્ટી શેર્સમાં ખરીદી રહી. માર્કેટની સ્થિતિ. આ પહેલા ગઈકાલે એટલે કે 12 ઓગસ્ટે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 188 પોઈન્ટના ઘટાડા સાથે 77,966 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 36 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, તે 24,436 પર બંધ થયો હતો.



ક્ષેત્રીય કામગીરીની દ્રષ્ટિએ, નિફ્ટી સિમેન્ટ ઈન્ડેક્સ સૌથી ખરાબ પ્રદર્શન કરનાર હતો, લગભગ 1 ટકા ઘટ્યો હતો. નિફ્ટી આઈટી અને નિફ્ટી રિયલ્ટી સૂચકાંકોમાં પણ દબાણ જોવા મળ્યું. બીજી તરફ, નિફ્ટી ઓટો અને નિફ્ટી કેમિકલ સૂચકાંકોએ વ્યાપક બજાર કરતાં વધુ સારો દેખાવ કર્યો અને લાભ સાથે વેપાર કર્યો.

## પેપર લીક મામલે વિરોધમાં પોલીસ સાથે ઘર્ષણ બાદ કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત

# ગુજરાત યુનિ. પાસે ABVPએ ઝારખંડ સરકારનું પૂતળું બાળ્યું



» પૂતળું આવતા જ પોલીસ અને ABVP ના કાર્યકરો વચ્ચે પૂતળા માટે ખેંચતાણ થઈ હતી

અમદાવાદ


દેશભરમાં ABVP દ્વારા ઝારખંડ પેપર લીક મામલે વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી પાસે પણ ABVP દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ABVP દ્વારા ઝારખંડ સરકારનું પૂતળું પણ સળગાવવામાં આવ્યું હતું. જો કે આ દરમિયાન પોલીસ અને ABVP વચ્ચે ઘર્ષણ થયું હતું. એક કાર્યકર્તાના પગ પર પણ આગ લાગી હતી.

ઝારખંડમાં JPSC - JSSC પરીક્ષામાં થયેલી ગેરરીતિ અને પેપર લીક મામલે ABVP દ્વારા દેશભરની 1200 યુનિવર્સિટીમાં વિરોધ પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. અમદાવાદ પણ ગુજરાત યુનિવર્સિટી પાસે ABVP દ્વારા પેપર લીકનો વિરોધ કરવામાં આવ્યો હતો.આ વિરોધ દરમિયાન ઝારખંડ સરકાર વિરુદ્ધ સુત્રોચાર કર્યા હતા.આ દરમિયાન જ કેટલાક કાર્યકરો ઝારખંડ સરકારનું પૂતળું લઈને આવ્યા હતા.પૂતળું આવતા જ પોલીસ અને ABVP ના કાર્યકરો વચ્ચે પૂતળા માટે ખેંચતાણ થઈ હતી. ભારે ઘર્ષણ બાદ ABVPના કાર્યકરોએ પોલીસ પાસેથી પૂતળું લઈને સળગાવ્યું હતું. પૂતળા પર પેટ્રોલ નાખતા આગ મોટી થઈ હતી. ત્યારે એક વિધાર્થીના પગમાં પણ આગ લાગી ગઈ હતી. જોકે બાજુમાં વરસાદનું પાણી હોવાથી વિધાર્થીએ પાણીમાં પગ નાખી દીધો હતો. જેના કારણે મોટી ઘટના ટળી હતી. વિરોધ દરમિયાન પોલીસે ABVPના કાર્યકરો સાથે ભારે ઘર્ષણ કરી કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. ABVPના નેતા ધ્રુમિલ અખાણીએ જણાવ્યું કે, ઝારખંડમાં વિધાર્થીઓ મહેનત કરીને પરીક્ષાની તૈયારી કરે છે, ત્યારે પેપર લીકની ઘટના બને છે. વિધાર્થીઓ વિરોધ કરે તો તેમના પર દમન કરવામાં આવે છે. જેનો આજે દેશભરમાં ABVP વિરોધ કરી રહ્યું છે.

## સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે નારોલ સ્કૂલમાં બાળકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ખિલવાડ!

અમદાવાદ

અમદાવાદને સ્માર્ટ સિટી અને સ્માર્ટ સ્કૂલોનું સરનામું ગણાવતા શાસકોના દાવાઓની પોલ ફરી એકવાર ખુલ્લી પડી ગઈ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત નારોલ શાળામાં ભણતા કૂંમળા બાળકોના ભવિષ્ય અને આરોગ્ય સાથે તંત્ર દ્વારા ઘોર બેદરકારી દાખવવામાં આવી રહી છે. શાળામાં પીવાનું પાણી એટલું પ્રદૂષિત અને ગંદુ આવી રહ્યું છે કે જે પીવાથી બાળકો બીમાર પડી શકે છે. આટલું ઓછું હોય તેમ, બાળકોને અપાતા બપોરના ભોજનની ગુણવત્તા સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે.



એક તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકાર કરોડો રૂપિયાના ખર્ચે શિક્ષણનું સ્તર સુધારવાના અને સ્માર્ટ સ્કૂલો બનાવવાના મોટા-મોટા બોર્ડ મારીને પ્રચાર કરે છે, તો બીજી તરફ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો જ્યાં ભણે છે તે નારોલ શાળામાં પ્રાથમિક સુવિધાઓના પણ ફાંફા છે. પ્રદૂષિત પાણી અને નબળું ભોજન પીરસીને તંત્ર આખરે કેવો 'વિકાસ' સાબિત કરવા માંગે છે? મેયર અને અધિકારીઓ ક્યાં ઊંઘે છે?: શાસકો અને એએમસી સ્કૂલ બોર્ડના સભ્યો માત્ર કાગળ પરની સમીક્ષાઓ કરવામાં મસ્ત છે? બાળકો પ્રદૂષિત પાણી પીવા મજબૂર છે તો મેયર અને મ્યુનિસિપલ કમિશનર કેમ ચૂપ છે?

## જીવના જોખમે મુસાફરી! અસારવા રેલ્વે સ્ટેશન સામે BRTSનો કટ બંધ કરી રેલિંગ ઠોકી દેવાતા મુસાફરો આકરા પાણીએ!

અમદાવાદ

અમદાવાદના વ્યસ્ત અને ધમધમતા અસારવા રેલ્વે સ્ટેશન બહાર તંત્રની એક અવિચારી અને અણઘડ નીતિના કારણે હજારો મુસાફરોના જીવ જોખમમાં મુકાયા છે. નરોડા તરફથી અસારવા રેલ્વે સ્ટેશન જતા મુસાફરો માટે BRTS ટ્રેક પરનો કટ અચાનક બંધ કરી દેવામાં આવ્યો છે અને ત્યાં ઊંચી આડી રેલિંગ મારી દેવાઈ છે. જેના કારણે દરરોજ ટ્રેન પકડવા આવતા હજારો રાહદારીઓ અને મુસાફરો માટે રસ્તો ઓળંગવો એ કોઈ 'સ્ટંટ' કરવા જેવું અત્યંત કપરૂં અને ખતરનાક બની ગયું છે. અહીં તંત્રની આશ્ચર્યજનક મૂર્ખામી એ સામે આવી છે કે રસ્તા પર રાહદારીઓ માટે ઝીબ્રા ક્રોસિંગનું માર્કિંગ તો રાખવામાં આવ્યું છે, પરંતુ જેવો મુસાફર ઝીબ્રા ક્રોસિંગ પર ચાલીને રસ્તો ક્રોસ કરવા જાય કે સામે જ આડી ઊંચી રેલિંગ આવી જાય છે! પરિણામે, હાથમાં ભારે સામાન, બેગ



અને નાના બાળકો સાથે મુસાફરી કરતા લોકોને આ ઊંચી રેલિંગ કૂદીને સામે પાર જવાની ફરજ પડી રહી છે. નરોડાથી કાલુપુર તરફ જતા આ મુખ્ય માર્ગ પર ચોવીસે કલાક વાહનોની ભારે અવરજવર રહે છે, ત્યારે રેલિંગ કૂદતી વખતે સહેજ પણ પગ લપસે કે સામેથી આવતું વાહન ન દેખાય તો સીધો કાળ ભેગા થવાનો વારો આવે તેમ છે. અસારવા રેલ્વે સ્ટેશનેથી દરરોજ હજારો મુસાફરો ટ્રેનની મુસાફરી કરે છે. ટ્રેન ચૂકાઈ જવાના ડરથી મુસાફરો ઉતાવળમાં ધમધમતા ટ્રાફિક વચ્ચેથી દોડીને આ રેલિંગ ટાપી રહ્યા છે.

## સરસ્વતી નદીના કિનારે આવેલા કોટેશ્વર મહાદેવ ખાતે શિવ ભક્તોની ભીડ

મહિનાના 10 લાખ બીલીપત્ર ચઢે છે, દેશ વિદેશથી ભક્તો આવે છે શિવ ભક્તિ કરવા

અમદાવાદ

ગુજરાતના સૌથી મોટા શક્તિપીઠ અંબાજી થી 6 કિલોમીટર દૂર અરાવલી પર્વતમાળાની વચ્ચે સરસ્વતી નદીના કિનારે કોટેશ્વર મહાદેવ મંદિર આવેલું છે.કુંવારી નદી તરીકે ઓળખાતી સરસ્વતી નદી દેશના અલગ અલગ જગ્યાએ થી નીકળે છે તે પૈકીનું એક સ્થાન એટલે કોટેશ્વર ધામ.અહીં સરસ્વતી નદી મહાદેવને સ્પર્શ થઈને નીકળે છે. આજથી પવિત્ર શ્રાવણ માસ શરૂ થતાં શિવ ભક્તો મોટી સંખ્યામાં શિવ ભક્તિ કરવા અહીં આવે છે.અહીં હર હર મહાદેવના નાદથી શિવાલય ગુંજી ઉઠ્યું હતું. વિઓ:-અંબાજી આવતા માતાજીના ભક્તો અંબાજી



મંદિરમાં દર્શન કરીને આ કોટેશ્વર ધામે શિવ ભક્તિ કરવા આવે છે અને અહીં મહાદેવની આરાધના કરે છે.આ પવિત્ર મંદિરમાં વહેલી સવારથી શિવ ભક્તો શિવ ભક્તિ કરવા આવે છે અને છેક સાંજ સુધી શિવ ભક્તિ કરે છે. મહાદેવને ભક્તો દૂધ અને જળ વડે અભિષેક કરી બીલીપત્ર અર્પણ કરે છે. અહીં આખા શ્રાવણ મહિનામાં અંદાજે 10 લાખ જેટલા બીલીપત્ર મહાદેવને અર્પણ થાય છે. આસપાસના ગામોથી, સ્થાનિક અને યાત્રીકો મોટી સંખ્યામાં અહીં શિવ ભક્તિ કરવા માટે આવે છે.

## વેજલપુરમાં દુબઈથી વ્યાજખોરનો ધમકીભર્યો કોલ

### વાડજમાં સરકારી મકાન અપાવવાની લાલચે છેતરપિંડી

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓની બે જુદી જુદી ઘટનાઓ સામે આવી છે. વાડજ વિસ્તારમાં રહેતી મહિલા પાસેથી સરકારી આવાસ યોજનામાં મકાન અપાવવાના નામે રૂ. 2.05 લાખની છેતરપિંડી આચરાઈ છે. જ્યારે બીજી ઘટનામાં વેજલપુરના કાપડના વેપારીને તેમના જમાઈની વ્યાજ-મુદ્દલની લેતીદેતી મામલે દુબઈથી જાનથી મારી નાખવાની ધમકી મળતાં બંને મામલે સંબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરિયાદો નોંધાઈ છે.

વાડજ વિસ્તારમાં શાકભાજીનો વેપાર કરતી ધનીબેન સોલંકી નામની મહિલાનો સંપર્ક છગનભાઈ ચૌહાણ અને મહેબૂબ ઉર્ફે બાબુભાઈ હુસેન સાથે થયો હતો. થોડા મહિના અગાઉ તેઓ વાસણામાં એક પ્રસંગમાં ગયા હતા, જ્યાં ચંડોળા તળાવ પાસે રહેતા છગન ચૌહાણ સાથે મુલાકાત થઈ હતી. તેમણે વાસણા વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સરકારી આવાસ યોજનામાં મકાન અપાવવાની વાત કરી હતી, જેના માટે મહેબૂબ ઉર્ફે બાબુભાઈ નામના વ્યક્તિને મળ્યા હતા. મકાન અપાવવાની વાત કરવા માટે ઘરે આવ્યા હતા. વાસણા વિસ્તારમાં મકાન બતાવ્યું હતું અને બાદમાં ઈન્કમટેક્સ બ્રિજના છેડે ઔડાની ઓફિસ જે ફરિયાદ મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસનો ઉલ્લેખ કરવામાં આવ્યો, ત્યાં લઈ ગયા હતા. બાદમાં થોડીવાર બેસાડીને તેમની બેન પાસેથી 1.90 લાખ રૂપિયા લઈ લીધા હતા. બાદમાં પાંચ લાખ રૂપિયાની લોન કરાવવાની વાત કરી હતી. પૈસા લીધા બાદ તેમને દસ્તાવેજના બીજા 15,000 ભર્યા હતા અને બીજા પૈસા લઈને તેમણે કોઈ જવાબ આપ્યો નહીં. જે ફાઈલમાં મકાન નંબર લખ્યા હતા, ત્યાં જઈને તપાસ કરતા બીજા લોકો રહેતા હોવાનું સામે આવ્યું હતુ.

### અમારી પહોંચ ઉપર સુધી છે....ની શેખી મારનારાઓને જેલના સળીયા ગણવા પડશે


## અમદાવાદમાં ભેળસેળિયાઓને પકડવા મ્યુનિ. તંત્રએ ખાસ ટાસ્ક ફોર્સ રચવી પડશે

### તહેવારો પહેલા જ માર્કેટમાં ભેળસેળીયા સક્રિય, આરોગ્ય વિભાગની કામગીરી વધશે

અમદાવાદ

અમદાવાદમાં ભેળસેળિયાઓને પકડવા મ્યુનિ. તંત્રએ ખાસ ટાસ્ક ફોર્સ રચવી પડે તેમ છે કારણ કે તહેવારોની સીઝન શરૂ થઇ રહી છે અને આરોગ્ય વિભાગને બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ તથા ભેળસેળ અંગેની મળતી ફરિયાદો પણ વધી છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે એનાલોગ પનીર પર પ્રતિબંધ મુકીને સારી કામગીરી કરી છે પણ તહેવારો આવી રહ્યાં છે ત્યારે માર્કેટમાં મળનારા અને શુદ્ધના નામે વેચાતા બનાવટી અને ભેળસેળીયા માવા અને ઘીને કારણે નાગરિકોના આરોગ્ય સામે પણ જોખમ સર્જાયું છે. તેમાં પણ એનાલોગ પનીર પછી હવે હેલ્થ ખાતા સામે બનાવટી ઘી અને માવાનો પડકાર આવ્યો છે. ત્યારે અમદાવાદમાં ભેળસેળિયાઓને પકડવા મ્યુનિ.



તંત્રએ ખાસ ટાસ્ક ફોર્સ રચવી પડશે. અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગની કામગીરી પણ વધશે. આમ પણ શહેરમાં આરોગ્ય વિભાગની કામગીરી જોઈએ તેવી અસરકારક નથી તેવી પણ ચર્ચા જામી છે. નોંધનીય છે કે દુધમાંથી બનેલા પનીરની કિંમત 450થી 500 રૂપિયા હોય છે જ્યારે એનાલોગની કિંમત 150થી 200 રૂપિયા હોય છે એટલે હોટલ અને રેસ્ટોરન્ટવાળા તગડો નફો કમાવી લેવાની દાનતમાં એનાલોગ વાપરવાનું જ પસંદ કરતા હતા. અમદાવાદમાં એપ્રિલ મહિનામાં 100 કિલોથી વધુ આવુ પનીર એક ડેરીમાંથી પકડાયુ હતુ અને ડેરીને સીલ કરવામાં આવી હતી. એટલે એનાલોગનું પ્રમાણ અને વપરાશ ખૂબ જ વધી ગયો હતો. સ્કૂલોમાં જ્યારે નાના બાળકોનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવે છે ત્યારે એના ચોંકાવનારા પરીણામો આવે છે અનેક બાળકોને હૃદયરોગ, ડાયાબીટીસ સહિતના ગંભીર રોગો હોવાનુ જણાય છે. શુદ્ધ ઘીના નામે વેચાતા પદાર્થોમાં પણ મોટા પાયે ભેળસેળ થાય છે. શુદ્ધ ઘીની મીઠાઈએ મોંઘી મળતી હોવા છતાં તેમાં વપરાતી સામગ્રી એકદમ હલકી કક્ષાની હોય છે માં અંબાજીના પ્રસાદમાં પણ હલકી કક્ષાનુ ઘી વપરાતુ હોવાનુ પકડાયુ હતુ.

## કાલુપુરમાં આંગડિયા પેઢીમાંથી 75 લાખની છેતરપિંડી કરતી ગેંગના બે સાગરીત ઝડપાયા

અમદાવાદ

અમદાવાદ LCB ઝોન-3 દ્વારા કાલુપુરમાં 75 લાખની છેતરપિંડીનો ભેદ ઉકેલાયો છે. પૃથ્વીરાજ કોઠારીના નામે ખોટી ઓળખ આપી આંગડિયા પેઢીમાંથી પૈસા પડાવનાર ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત 2 આરોપીઓની ધરપકડ થઈ છે. મુખ્ય આરોપી મોડસિંગ પર 20થી વધુ ગુના નોંધાયા છે. પોલીસે 25 લાખ રોકડા અને મોબાઈલ ફોન જપ્ત કરી કાયદેસર કાર્યવાહી કરી છે. અમદાવાદમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન-3 દ્વારા કાલુપુરમાં થયેલી એક છેતરપિંડીનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. પૃથ્વીરાજ કોઠારીના નામે ખોટી ઓળખ આપીને આંગડિયા પેઢીમાંથી 75 લાખ રૂપિયાની રકમ પડાવી લેનાર ગેંગના મુખ્ય સુત્રધાર સહિત 2 આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. આ મુખ્ય આરોપી પર ભૂતકાળમાં પણ 20 જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. પોલીસે તેમની પાસેથી લાખો રૂપિયાની રોકડ રકમ અને મોબાઈલ ફોન જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, તેલંગાણાના હૈદરાબાદ ખાતે રહેતા રોહિતકુમાર જૈન નામના ફરિયાદીને આઠમી જુલાઈના રોજ એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ પૃથ્વીરાજ કોઠારી તરીકે આપીને રોહિતકુમારને વિશ્વાસમાં લીધો હતો અને હૈદરાબાદથી અમદાવાદના કાલુપુર ખાતે 75,00,000 રૂપિયાનું આંગડિયું કરવા જણાવ્યું હતું.

## હવે, શહેરમાં મંદિરોની ટુરિઝમ સર્કિટ બનાવવા કરોડો ખર્ચાશે

### સાબરમતી નદીના પૂર્વ કિનારે સપ્તઋષિના આરાથી અટલઘાટ સુધીનો વિસ્તાર આવરી લેવાશે : 3 તબક્કામાં સમગ્ર ટેમ્પલલીંક પ્રોજેક્ટ આકાર પામશે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં હવે પ્રશાસન દ્વારા કરોડોના ખર્ચે મંદિરોને સાંકળનાર ટુરિઝમ સર્કિટ તૈયાર કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે તેને લઈને એક ચર્ચા એ પણ શરૂ થઇ છે કે ભ્રષ્ટ અધિકારીઓ કે ભ્રષ્ટ એન્જિનિયરો ટેન્ડર વગેરેની કામગીરીથી કટકી મારીને પોતાના ખિસ્સા ભરવાને બદલે આ પવિત્ર મંદિરોની ટુરિઝમ સર્કિટને આકાર આપવા માટે યોગ્ય જગ્યાએ ફાળવાયેલી ગ્રાન્ટના નાણાં વાપરે તે જરૂરી છે.

અમદાવાદ શહેરમાં કોટ વિસ્તારમાં આવેલા મંદિરોને સાંકળીને ટુરિઝમ સર્કિટ તૈયાર કરવામાં આવશે જેમાં સાબરમતી નદીના પૂર્વ કિનારે સપ્તઋષિના આરાથી અટલઘાટ સુધીનો વિસ્તાર આવરી લેવામાં આવશે. મ્યુનિ. કોર્પોરશન હેરીટેજ ખાતા દ્વારા સાબરમતિ નદી ના પુર્વ કિનારે સપ્તઋષી ના આરા થી જગન્નાથજી મંદિર (જલયાત્રા માર્ગ) થી અટલઘાટ (ભદ્ર-વસંતચોક) સુધીના માર્ગને ટુરીઝમ ટેમ્પલ સર્કીટ ડેવલોપ કરવા ટેમ્પલલીક પ્રોજેકટનો રૂા.૧૫૫.૦૨ કરોડ ના ખર્ચે માસ્ટર પ્લાન તૈયાર



કરેલ છે. તેમજ સદર કામગીરી માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની ગ્રાંટ મેળવવાની કાર્યવાહી પણ હાથ ધરેલ જે પૈકી હાલમાં ૧૫.૦૦૦ કરોડની ગ્રાન્ટ અત્રે અ.મ્યુ.કો. ને ફાળવેલ છે. આ પ્રોજેકટ ૩ વિભાગમાં વિભાજીત કરેલ છે. જેની વિગત મુજબ ઝોન (૧) પાર્ટ -૧, તિલકબાગની પાછળ સાબરમતીના કિનારે એક હેરીટેજ ઈન્ટરપ્રીટેશન સેન્ટર સાથેનું મલ્ટીલેવલ પાર્કીંગ ફુડપ્લાઝા વિ.તૈયાર કરવા તથા પાર્ટ-૨ માં વસંતચોક વિસ્તાર તથા અટલઘાટ સામે આવેલ નદીના કિનારે રામબારી પાસેના મંદિરોનો સમાવેશ કરતો એક મંદિર ચોક બનાવવાનું આયોજન તથા તે સ્થળે આવેલ દરેક પૌરાણિક મંદિર ને જીર્ણોધ્ધાર કરવાનું આયોજન કરવામાં આવેલ છે. ઝોન (૨) જગન્નાથ મંદિર, સોમનાથ ભુદર આરો (જલયાત્રા માગ) ડેવલોપ કરવાના કામનુ આયોજન કરવામાં આવેલ છે. ઝોન (૩) પાર્ટ - ૧ : માં સપ્તઋષિ ના આરા પાસેના આવેલ મંદિરો જીર્ણોધ્ધાર કરી સપ્તઋતિના સ્પલ્કચર મુકવા સાથેનો એક ચોક બનાવવામાં આવશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI